
# પ્રાચીન સ્તવનાવલી

૭

## શ્રી સુપાર્શ્વનાથ ભગવાન



# નમસ્કાર મહામંત્ર મહિમા

સમરો મંત્ર ભલો નવકાર,
એ છે ચૌદ પૂર્વનો સાર;
એના મહિમાનો નહિ પાર,
એનો અર્થ અનંત અપાર.૧
સુખમાં સમરો, દુઃખમાં સમરો,
સમરો દિન ને રાત;
જીવતા સમરો, મરતાં સમરો,
સમરો સૌ સંગાથ.૨
જોગી સમરે ભોગી સમરે,
સમરે રાજા રંક;
દેવો સમરે, દાનવ સમરે,
સમરે સૌ નિશંક.૩
અડસઠ અક્ષર એના જાણો,
અડસઠ તીરથ સાર;
આઠ સંપદાથી પરમાણો,
અડસિદ્ધિ દાતાર.૪
નવ પદ એના નવનિધિ આપે,
ભવોભવનાં દુઃખ કાપે;
"ચંદ્ર" વચનથી હૃદયે વ્યાપે,
પરમાતમ પદ આપે.૫

# પ્રાચીન સ્તવનાવલી

## ૭

## શ્રી સુપાર્શ્વનાથ ભગવાન


**: પ્રાપ્તિ સ્થાન :**

શ્રી હસમુખભાઈ ચુડગર

૨૦૨-૨૦૩, ચીનુભાઈ સેન્ટર,

અમદાવાદ - ૩૮૦ ૦૦૯.

પ્રત : ૧૦૦૦ મૂલ્ય : શ્રદ્ધા ભક્તિ

# પ્રાસ્તાવિક

પરમાત્મ ભક્તિનાં અજોડ આલંબને જીવ બાહ્યદશાથી મુકત થઈ અંતરાત્મદશા દ્વારા પરમાત્મ દશાને સહજતાથી પામી શકે છે. પૂર્વ મહાપુરૂષોએ ભક્તિના ક્ષેત્રે જે કૃતિઓનું યોગદાન કર્યું છે. તે પૈકી પ્રત્યેક જીનેશ્વર દેવોનાં પ્રાચીન લગભગ બધાજ પ્રાપ્ય સ્તવનોનો સ્વતંત્ર રીતે જુદી જુદી આ લઘુ પુસ્તિકામાં સમાવેશ કર્યો છે.

આ સ્તવનોનાં રચયિતાઓએ પરમાત્મ ભક્તિની જે મસ્તિ માણી છે તેનો યત્કિંચિત રસાસ્વાદ પ્રાપ્ત કરવા આ પુસ્તિકાનો ઉપયોગ કરીશું તો અર્થગાંભીર્ય યુક્ત આ પ્રભુભક્તિ-આત્મિક શક્તિ પ્રગટાવી મુક્તિને નજીક લાવવામાં સહાયક થશે.

ગચ્છાધિપતિ આચાર્ય વિજય
રામસૂરીશ્વરજી મહારાજ સાહેબ (ડહેલાવાળા) ના
ગુરૂકૃપાકાંક્ષી શિષ્ય જગચ્ચન્દ્રસૂરિ

# પ્રભુભક્તિ

પ્રભુને રોજ ભજવા છતાં આનંદની મસ્તિ અનુભવાતી નથી તેનું કારણ પરમાત્માને ઓળખવામાં હજી આપણે ઉણા ઉતર્યા છીએ ગતાનુગતિકતાથી નહિ વાસ્તવિકતાથી પરમાત્માનું દર્શન કરીશું તો પરમાત્મભક્તિથી શક્તિ આપણને આનંદઘન બનાવી દેશે.

આ જીવે સંસારના પ્રત્યેક પદાર્થો પાછળ આંસુ પાડયા હશે તે આંસુઓ સાગરના પાણીથી પણ વધી જાય પરંતુ તે આંસુની કોઈ કિંમત નથી. પ્રભુભક્તિ-પ્રભુરાગ પાછળ બે આંસુ પણ પડી જશે તો પ્રથમના બધા આંસુના સરવાળાને ટપી જશે તે ભક્તિથી આત્માની મુક્તિ નજીક આવી જશે.

ગચ્છાધિપતિ આચાર્ય વિજય
રામસૂરીશ્વરજી મહારાજ સાહેબ (ડહેલાવાળા)

## અનુક્રમણિકા


| ચૈત્યવંદન | કર્તા | પાના નં. |
|---|---|---|
| ગ્રૈવેયક છઠેથી ચવ્યા | શ્રી વીરવિજયજી | ૧ |
| શ્રી સુપાર્શ્વ જિણંદ પાસ | શ્રી પદ્મવિજયજી | ૧ |
| છઠ્ઠા ગ્રૈવેયકથી ચવ્યા | શ્રી જ્ઞાનવિમલજી | ૨ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| શ્રી સુપાર્શ્વ જિન સ્વામીજી હો | શ્રી જિનવિજયજી | ૨ |
| શ્રી સુપાસ-જિન વંદીયે | શ્રી આનંદઘનજી | ૩ |
| શ્રીસુપાસ-જિનરાજ તું | શ્રી યશોવિજયજી | ૪ |
| શ્રી સુપાસ-જિનરાજનો રે | શ્રી યશોવિજયજી | ૫ |
| તાત પ્રતિષ્ઠ ને પૃથવી માતા | શ્રી યશોવિજયજી | ૫ |
| પાસે સુપાસજી ! રાખીએ | શ્રી ભાણવિજયજી | ૬ |
| બે કર જોડી વીનવું | શ્રી આણંદવર્ધનજી | ૭ |
| સ્વામી સુપાસ-જિણંદ | શ્રી લક્ષ્મીવિમલજી | ૮ |
| નિરખી-નિરખી તુજ બિંબને | શ્રી માનવિજયજી | ૯ |
| સાહિબ ! સ્વામી ! સુપાસ | શ્રી જ્ઞાનવિમલસૂરિ | ૧૦ |
| રમો મન શ્રી સુપાસને પાસેં | શ્રી ભાવવિજયજી | ૧૧ |
| જી રે મ્હારે સમરૂં સ્વામી સુપાસ | શ્રી વિનયવિજયજી | ૧૨ |
| સમરથ સ્વામી સાતમોરે | શ્રી વિનયવિજયજી | ૧૨ |
| આજ મેં દેખ્યોરી | શ્રી હરખચંદજી | ૧૩ |
| સુપાસજી ! સાહિબ ! મુજરો | શ્રી નયવિજયજી | ૧૪ |
| કાંઈ જિનજીનંઈ શ્રીજિનજીનંઈ | શ્રી ઋષભસાગરજી | ૧૫ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| સુપાસજી તાહરું મુખડું | શ્રી ઉદયરત્નજી | ૧૭ |
| દેહ-ગેહ સોહાવિએ | શ્રી જિનવિજયજી | ૧૭ |
| અવસર આજ મળ્યો ભલો રે | શ્રી હંસરત્નજી | ૧૮ |
| વાલ્હા મેહ બપીયડા | શ્રી મોહનવિજયજી | ૧૯ |
| દીસે અ-કળ સરૂપ | શ્રી રામવિજયજી | ૨૦ |
| સેવજો રે સ્વામી સુપાસ | શ્રી રામવિજયજી | ૨૧ |
| સકળ સમીહિત સુરતરૂરે, | શ્રી કાંતિવિજયજી | ૨૩ |
| સાંભળો સ્વામી રે ! મીઠડા | શ્રી ન્યાયસાગરજી | ૨૪ |
| શ્રી સુપાસજિન સાતમા | શ્રી ન્યાયસાગરજી | ૨૫ |
| સાતમો સગ ભય વારવા | શ્રી પદ્મવિજયજી | ૨૫ |
| શ્રી સુપાસજિણંદ તાહરું | શ્રી પદ્મવિજયજી | ૨૬ |
| શ્રીસુપાસ જિણેસર સાહિબો | શ્રી વિજયલક્ષ્મીસૂરિ | ૨૭ |
| શ્રી સુપાસજી સાહિબા ! | શ્રી દાનવિમલજી | ૨૮ |
| શ્રીસુપાસજિન ગાઇયેં | શ્રી વિનીતવિજયજી | ૨૯ |
| એરી ! મોહે પ્યારો | શ્રી અમૃતવિજયજી | ૩૦ |
| મુજરો માનો સુપાસજી | શ્રી પ્રમોદસાગરજી | ૩૦ |
| શ્રી સુપાસ સુવાસના | શ્રી ભાણચંદ્રજી | ૩૧ |
| હાંજી ! જિમ નિરખું તુજ | શ્રી ખુશાલમુનિજી | ૩૨ |
| શ્રી સુપાર્શ્વ જિનરાય હાંરે | શ્રી ચતુરવિજયજી | ૩૩ |
| શ્રીસુપાસ આણંદમેં, ગુણ | શ્રી દેવચંદ્રજી | ૩૩ |
| સપ્તમ દેવ સુપાસજી રે લાલ | શ્રી જીવણવિજયજી | ૩૪ |
| શ્રી સુપાસ-જિનરાય જી હો | શ્રી દાનવિજયજી | ૩૫ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| પ્રભુ-વદન વિરાજે રે | શ્રી મેઘવિજયજી | ૩૬ |
| સાંભળ સ્વામી સુપાસજી | શ્રી કેશરવિમલજી | ૩૭ |
| અલવેસર અરિહંતજી | શ્રી કનકવિજયજી | ૩૮ |
| સુ-સનેહી સાહિબ મન | શ્રી રૂચિરવિમલજી | ૩૯ |
| સહજ સલૂણા | શ્રી રૂચિરવિમલજી | ૪૦ |
| શ્રી સુપાર્શ્વજિન વાલહો | શ્રી ભાવપ્રભસૂરિ | ૪૧ |
| શ્રી સુપાસ-જિનશ્યું | શ્રી કીર્તિવિમલજી | ૪૨ |
| પૃથ્વી-સુત પરમેસરૂ | શ્રી રતનવિજયજી | ૪૩ |
| ચંદ્રમુખી મૃગ-લોયણી | શ્રી માણેકમુનિ | ૪૪ |
| ત્રિભુવન-નાયક-શેહરો રે | શ્રી દીપવિજયજી | ૪૫ |
| હવે સ્વામી સુપાસહ | શ્રી ધર્મકીર્તિગણિ | ૪૫ |
| શ્રી જિન સાતમો રાજ | શ્રી સ્વરૂપચંદજી | ૪૬ |
| શ્રી સુપાસ-જિન સાહિબા | શ્રી જશવિજયજી | ૪૭ |
| પૂર મનોરથ સાહિબ મેરા | શ્રી ગુણવિલાસજી | ૪૮ |
| વાણારશીનગરી વખાણીયે | શ્રી જગજીવનજી | ૪૯ |
| કૃપા કરી સ્વામી ! | શ્રી જિનહર્ષજી | ૫૦ |
| ઐસેં સામી સુપાર્શ્વ | શ્રી યશોવિજયજી | ૫૧ |

| થોય | કર્તા | પાના નં. |
|---|---|---|
| અષ્ટ મહા પડિહારશ્યું એ | શ્રી વીરવિજયજી | ૫૨ |
| સુપાર્શ્વ જિન વાણી | શ્રી પદ્મવિજયજી | ૫૨ |

## ચૈત્યવંદન વિધિ

### (નીચે મુજબ પ્રથમ ઈરિયાવહિ કરવી)

### ● ઈચ્છામિ ખમાસમણ સૂત્ર ●

ઈચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ,
નિસીહિઆએ, મત્થએણ વંદામિ.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા દેવાધિદેવ પરમાત્માને તથા પંચમહાવ્રતધારી સાધુ ભગવંતોને વંદન થાય છે.

### ● ઈરિયાવહિયં સૂત્ર ●

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઈરિયાવહિયં પડિક્કમામિ ? ઈચ્છં, ઈચ્છામિ પડિક્કમિઉં ૧. ઈરિયાવહિયાએ, વિરાહણાએ ૨. ગમણાગમણે ૩. પાણક્કમણે બીયક્કમણે હરિયક્કમણે, ઓસાઉત્તિંગપણગ દગ, મટ્ટી મક્કડા સંતાણા સંકમણે ૪. જે મે જીવા વિરાહિયા,, ૫. એગિંદિયા, બેઈંદિયા, તેઈંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા ૬. અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઈયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓઠાણં, સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છામિ દુક્કડં ૭.

**ભાવાર્થ :** આ સૂત્રથી હાલતા-ચાલતા જીવોની અજાણતા વિરાધના થઈ હોય કે પાપ લાગ્યા હોય તે દૂર થાય છે.

### ● તસ્સ ઉત્તરી સૂત્ર ●

તસ્સ ઉત્તરીકરણેણં, પાયચ્છિત્તકરણેણં, વિસોહિકરણેણં, વિસલ્લીકરણેણં, પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ, ઠામિ કાઉસ્સગ્ગં.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા ઈરિયાવહિયં સૂત્રથી બાકી રહેલા પાપોની વિશેષ શુદ્ધિ થાય છે.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં ૨. એવંમાઈએહિં આગારેહિં અભગ્ગો, અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો ૩. જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં ન પારેમિ ૪. તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૫.

**ભાવાર્થ :** આ સૂત્રમાં કાઉસગ્ગના સોળ આગારનું વર્ણન તથા કેમ ઉભા રહેવું તે બતાવેલ છે.

(પછી એક લોગસ્સનો ચંદેસુ નિમ્મલયરા સુધીનો અને ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો, પછી પ્રગટ લોગસ્સ કહેવો)

## ● લોગસ્સ સૂત્ર ●

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે; અરિહંતે કિત્તઈસ્સં, ચઉવિસંપિ કેવલી ૧. ઉસભમજિઅંચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઈ ચ; પઉમપ્પહં સુપાસં, જિણંચચંદપ્પહં વંદે ૨. સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપુજ્જં ચ; વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિ ચ વંદામિ ૩. કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ; વંદામિ રિટ્ઠનેમિ, પાસં તહ વદ્ધમાણં ચ ૪. એવં મએ અભિથુઆ, વિહુય રયમલા પહીણ જરમરણા; ચઉવિસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ ૫. કિત્તિય-વંદિય મહિયા, જેએ લોગસ્સ ઉત્તમા સિદ્ધા; આરૂગ્ગબોહિલાભં, સમાહિવરમુત્તમં દિન્તુ. ૬. ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા, સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ૭.

**ભાવાર્થ :** આ સૂત્રમાં ચોવીસ તીર્થંકરોની નામપૂર્વક સ્તુતિ કરવામાં આવી છે.

(પછી ત્રણ ખમાસમણ દઈ, ડાબો
પગ જમીન ઉપર સ્થાપીને હાથ જોડી)
**ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું ? ઈચ્છં**
**કહી સકલકુશલ કહી ચૈત્યવંદન કરવું.**

સકલ કુશલ વલ્લિ - પુષ્કરાવર્ત મેઘો,
દુરિત તિમિર ભાનું : કલ્પવૃક્ષોપમાન :
ભવજલનિધિ પોત : સર્વ સંપત્તિ હેતું :,
સ ભવતુ સતતં વઃ
શ્રેયસે શાન્તિનાથ : શ્રેયસે પાર્શ્વનાથ :

**(આ પછી પુસ્તકમાંથી ચૈત્યવંદન બોલવું)**

## ● જંકિંચિ સૂત્ર ●

જંકિંચિ નામતિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ;
જાઈ જિણબિંબાઈ, તાઈ સવ્વાઈ વંદામિ.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા ત્રણે લોકમાં વિદ્યમાન નામ રૂપી તીર્થો અને જિન પ્રતિમાઓને નમસ્કાર કરવામાં આવેલ છે.

## ● નમુત્થુણં સૂત્ર ●

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં. ૧. આઈગરાણં તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં, ૨. પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવરપુંડરિઆણં, પુરિસવરગંધહત્થીણં. ૩. લોગુત્માણં, લોગનાહાણં, લોગહિઆણં, લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં. ૪. અભયદયાણં, ચકખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં, ૫. ધમ્મદયાણં,

ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંત-ચક્કવટ્ટીણં. ૬. અપ્પડિહયવરનાણ - દંસણધરાણં, વિયટ્ટ-છઉમાણં. ૭. જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં; બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં. ૮. સવ્વન્નૂણં, સવ્વદરિસીણં, સિવમયલ મરૂઅ - મણંત મક્ખય મવ્વાબાહ - મપુણારાવિત્તિ - સિદ્ધિ ગઈ નામધેયં, ઠાણં સંપત્તાણં, નમો જિણાણં, જિઅભયાણં. ૯. જે અ અઈયા સિદ્ધા, જે અ ભવિસ્સંતિણાગએ કાલે; સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ. ૧૦.

**ભાવાર્થ :** આ સૂત્રમાં અરિહંત પરમાત્માના ગુણોનું વર્ણન છે. અને ઈન્દ્ર મહારાજા પ્રભુની સ્તુતિ કરતી વખતે આ સૂત્ર બોલે છે.

## ● જાવંતિ ચેઈઆઈ સૂત્ર ●

(ફક્ત પુરૂષોએ બે હાથ ઉંચા કરીને બોલુવું)

જાવંતિ ચેઈઆઈ. ઉડ્ઢે અ અહે અ તિરિઅલોએ અ; સવ્વાઈ તાઈ વંદે, ઈહ સંતો તત્થ સંતાઈ.

**ભાવાર્થ :** આ સૂત્રદ્વારા ત્રણે લોકમાં રહેલી જિન પ્રતિમાજીઓને નમસ્કાર કરવામાં આવે છે.

ઈચ્છામિ ખમાસમણો વંદિઉ જાવણિજ્જાએ
નિસિહિઆએ મત્થએણ વંદામિ.

## ● જાવંત કેવિ સાહૂ સૂત્ર ●

જાવંત કેવિ સાહૂ, ભરહેરવયમહાવિદેહે અ; સવ્વેસિં તેસિં, પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં.

ભાવાર્થ : આ સૂત્રમાં ભરત, ઐરાવત અને મહાવિદેહ ત્રણેય ક્ષેત્રમાં વિચરતાં સર્વે સાધુ સાધ્વી ભગવંતોને નમસ્કાર કરવામાં આવે છે.

(નીચેનું સૂત્ર ફકત પુરૂષોએ બોલવું)

## ● નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય : ●

ભાવાર્થ : આ સૂત્રમાં પંચપરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર કરવામાં આવ્યો છે.

**(આ પછી આ પુસ્તકમાંથી સુંદર અને ભાવવાહી સ્તવનોના સંગ્રહમાંથી કોઈપણ એક સ્તવન ગાવું.)**

**(બે હાથ ઉંચા કરીને બોલવું / બહેનોએ હાથ ઉંચા કરવા નહીં)**

## ● જય વીયરાય સૂત્ર ●

જય વીયરાય ! જગગુરૂ ! હોઉં મમં તુહ પભાવઓ ભયવં !
ભવનિવ્વેઓ મગ્ગા-ણુસારિઆ ઈઠ્ઠફલસિદ્ધી.......૧
લોગવિરૂદ્ધચ્ચાઓ, ગુરૂજણપૂઆ, પરત્થકરણં ચ;
સુહુગુરૂજોગો તવ્વયણ-સેવણા આભવમખંડા......૨

(બે હાથ નીચે કરીને)

વારિજ્જઈ જઈવિ નિથાણ-બંધણં વીયરાય ! તુહ સમયે ;
તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાંણ......૩
દુક્ખક્ખઓ કમ્મક્ખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ;
સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ ! પણામકરણેણં......૪
સર્વ-મંગલ-માંગલ્યં, સર્વ કલ્યાણકારણમ્;

પ્રધાનં સર્વ-ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્......૫

**ભાવાર્થ :** આ સૂત્રમાં પ્રભુ પાસે ઉત્તમ પ્રકારની પ્રાર્થના કરવામાં આવી છે.

(પછી ઉભા થઈને)

## ● અરિહંતચેઈઆણં સૂત્ર ●

અરિહંતચેઈઆણં, કરેમિ કાઉસ્સગ્ગં ૧. વંદણવત્તિઆએ, પૂઅણવત્તિઆએ, સક્કારવત્તિઆએ, સમ્માણવત્તિઆએ, બોહિલાભવત્તિઆએ, નિરૂવસગ્ગવત્તિઆએ ! ૨ સદ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ, વડ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં.૩

**ભાવાર્થ :** આ સૂત્રમાં જ્યાં ચૈત્યવંદન કરતા હોઈએ તે દેરાસરની તમામ પ્રતિમાઓને વંદન કરવામાં આવે છે.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ પિત્તમુચ્છાએ. ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં. ૨ એવમાઈએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ હુજ્જમે કાઉસ્સગ્ગો. ૩ જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ, તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૪

(કહીને એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારીને)

**નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય :**

**(આ પછી પુસ્તકમાંથી થોય કહેવી)**

# શ્રી સુપાર્શ્વનાથ ભગવાનના ચૈત્યવંદન

## શ્રી વીરવિજયજી કૃત ચૈત્યવંદન

ગ્રૈવેયક છઠેથી ચવ્યા, વાણારશી પુરીવાસ;
તુલા વિશાખા જનમિયા, તપ તપિયા નવ માસ....॥૧॥
ગણ રાક્ષસ વૃકયોનિએ, શોભે સ્વામી સુપાસ;
શિરીષ તરૂ-તલે કેવલી, જ્ઞેય અનંતવિલાસ....॥૨॥
મહાનંદ પદવી લહીએ, પામ્યા ભવનો પાર;
શ્રી **શુભવીર** કહે પ્રભુ, પંચસયાં પરિવાર....॥૩॥

## શ્રી પદ્મવિજયજી કૃત ચૈત્યવંદન

શ્રી સુપાર્શ્વ જિણંદ પાસ, ટાળો ભવ ફેરો;
પૃથ્વી માતા ઉરે જાયો, તે નાથ હમેરો....॥૧॥
પ્રતિષ્ઠિત સુત સુંદરૂ, વાણારશી રાય;
વીશ લાખ પૂરવ તણું, પ્રભુજીનું આય.....॥૨॥
ધનુષ બસેં જિન દેહડી એ, સ્વસ્તિક લંછન સાર
પદ **પદ્મે** જસ રાજતો, તાર તાર મુજ તાર.....॥૩॥

## શ્રી જ્ઞાનવિમલજી કૃત ચૈત્યવંદન

છઠ્ઠા ગ્રૈવેયકથી ચવ્યા, જિનરાજ સુપાસ;
ભાદરવા વદી આઠમે, અવતરિયા ખાસ....॥૧॥
જેઠ શુકલ બારસે જણ્યા, તસ તેરશે સંયમ;
ફાગુણવદિ છઠે કેવલી, શિવ લહે તસ સત્તમિ....॥૨॥
સત્તમ જિનવર નામથી એ, સાતે ઈતિ[૧] શમંત;
**જ્ઞાનવિમલ** સૂરી નિત્ય લહે,તેજ પ્રતાપ મહંત....॥૩॥

૧. ધાન્ય ઉત્પત્તિમાં ઉપદ્રવ કરનાર જીવોત્પત્તિ વિગેરે.

# શ્રી સુપાર્શ્વનાથ ભગવાનના સ્તવન

## કર્તા : શ્રી જિનવિજયજી મ.

(શ્રી સુપાર્શ્વનાથ જિન સ્વામીજી હો)

**શ્રી સુપાર્શ્વ જિન સ્વામીજી હો, સુણ સેવક વાત સલૂણે;**
સાહિબા તુમ ગુણ રંગ ઝકોર[૧] મેં હો, રંગાણી હમ ઘાત[૨]. સલૂણે.૧

હમ મધુકર તુમ માલતી હો.. હમ ચકોર તુમ ચંદ;
હમ ચકવા તુમ દિનપતિ[૩] હો.. હમ પ્રજ તુમ શું નરિંદ સલૂણે.૨

હમ મયૂર તુમ જલધારું હો.. હમ મચ્છા તુમ વીર;
તુજ શાસન શુભ બાગ મેં હો.. ખેલે હમ મન કીર[૪]. સલૂણે.૩

હમ ઐરાવણ તુમ સુરધણી.. હમ ખગપતિ[5] તુમ કહાન[6];
સમરી સમરી તુજ નામ કોહો.. હમ ગાયન કરે ગાન સલૂણે.૪

એસી હમ તુમ પ્રીતડી હો.. ચીરનંદો યુગ કોડી;
પંડિત **જિનવિજય** તણો હો.. કવિ જિન કહે કર જોડી સલૂણે.૫

૧. ધારામાં ૨. અંતર ૩. સૂર્ય ૪. પોપટ ૫. ગરૂડ ૬. શ્રીકૃષ્ણ

## કર્તા : શ્રી આંનદઘનજી મ.

### (દેશી-લલનાની)

**શ્રી સુપાસ-જિન** વંદીયે, સુખ-સંપત્તિનો હેતુ-લલના
શાંત-સુધારસ-જલનિધિ, ભવ-સાગરમાંહે[1] સેતુ-લલના -શ્રી સુપાસ૦।।૧।।
સાત[2] મહા-ભય ટાળતો, સપ્તમ જિનવર દેવ-લલના
સાવધાન-મનસા કરી, ધારો જિન-પદ-સેવ-લલના-શ્રી સુપાસ૦।।૨।।

શિવ શંકર જગદીશ્વરૂ, ચિદાનંદ ભગવાન-લલના
જિન અરિહા તીર્થંકરૂ, જ્યોતિ-સરૂપ અ-સમાન[3] -લલના —શ્રી સુપાસ૦।।૩।।

અલખ નિરંજન વચ્છલુ, સકળ-જંતુ-વિસરામ-લલના
અભય-દાન-દાતા સદા, પૂરણ આતમ-રામ-લલના-શ્રી સુપાસ૦।।૪।।

વીતરાગ-મદ-કલ્પના, રતિ-અરતિ-ભય-શોગ-લલના
નિદ્રા-તંદ્રા-દુર્દશા-રહિત, અ-બાધિતયોગ[4] લલના-શ્રી સુપાસ૦।।૫।।

પરમ-પુરૂષ પરમાતમા; પરમેશ્વર પરધાન-લલના
પરમ-પદારથ પરમેષ્ઠી, પરમ-દેવ પરમાન[5] લલના-શ્રી સુપાસ૦।।૬।।

વિધ[6] વિરંચી[7] વિશ્વંભરૂ[8], **હૃષીકેશ**[9] જગનાથ-લલના ।
અઘ-હર[10] અઘ-મોચન[11] ધણી મુક્ત પરમ-પદ સાથ-લલના—શ્રી સુપાસ૦॥૭॥

ઈમ અનેક અભિધા[12] ધરે, અનુભવ-ગમ્ય-વિચાર-લલના ।
જે જાણે તેહને કરે, **આનંદઘન** અવતાર-લલના -શ્રી સુપાસ૦॥૮॥

૧. પુલસમાન પાર ઉતારનાર, ૨. હાથી, સિંહ, અગ્નિ, પાણી, કેદ, ચોર, રોગાદિ સાત ભય, અથવા કામ, ક્રોધ, મદ, હર્ષ, રાગ, દ્વેષ, મિથ્યાત્વ, એ સાત ભયને દૂર કરનાર, ૩. અસાધારણ-જેમના જેવા બીજા કોઈ નહીં તેવા, ૪.આત્મસ્વરૂપની સાથેનું જોડાણ-જેમનું અબાધિતપણે છે ૫. પ્રામાણિક- રીતે જાણવા ૬. સફળ-આત્મશુદ્ધિના કારક ૭. બ્રહ્મા=તીર્થની સ્થાપના કરનાર ૮. ઉદાત્ત જીવન-પ્રક્રિયા વડે જગતના પાલક, ૯ હૃષીક=ઇંદ્રિયો તેના ઇશ=કાબૂમાં રાખનાર ૧૦. પાપને દૂર કરનાર ૧૧. પાપકર્મોમાંથી છોડાવનાર ૧૨. નામ-સંજ્ઞા

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

### (લાછલદે માત મલ્હાર-એ દેશી)

**શ્રીસુપાસ**-જિનરાજ તું ત્રિભુવન-શિર[2]-તાજ,
આજ હો ! છાજે રે-ઠકુરાઈ પ્રભુ ! તુજ પદ તણીજી—શ્રી૦(૧)

દિવ્ય-ધ્વનિ સુર[4]-ફૂલ ચામર છત્ર અ-મૂલ
આજ હો ! રાજે રે ભામંડલ ગાજે દંદુભિજી-શ્રી૦(૨)

અતિશય સહજના[5] ચ્યાર, કરમ[6]-ખપ્યાથી ઈગ્યાર,
આજ હો ! કીધા રે ઓગણીશે સુર[7]-ગુણ ભાસુરાજી[8] -શ્રી૦(૩)

વાણી ગુણે પાંત્રીશ, પ્રાતિહારજ જગદીશ,
આજ હો ! રાજે રે-દિવાજે છાજે આઠશું જી—શ્રી૦(૪)

સિંહાસન અશોક બેઠા મોહે લોક
આજ હો ! સ્વામીરે-શિવગામી વાચક જશ થુણ્યોજી—શ્રી૦(૫)

૧. શ્રેષ્ઠ ૨. ઐશ્વર્ય ૩. તીર્થંકરપદની ૪. દેવતાઈ ફૂલો ૫. જન્મથી થયેલ=સ્વાભાવિક ૬. કર્મ ક્ષયથી ૭. દેવોના સમૂહથી ૮. સારા ૯. શોભી રહ્યા છે

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

### (એ ગુરૂ વાલ્હો રે-એ દેશી)

**શ્રી સુપાસ**-જિનરાજનો રે, મુખ દીઠે સુખ હોઈ રે
માનું સકળ પદ[૧]મેં લહ્યાં રે, જો તો નેહ-નજરિ ભરિ જોઈ—એ પ્રભુ પ્યારો
માહરા ચિત્તનો ઠારણહાર[૨]-મોહનગારો રે—એ૦....(૧)

સિંચે વિશ્વ સુધારસેં રે, ચંદ રહ્યો પણ દૂર રે
તિમ પ્રભુ કરૂણા-દષ્ટિથી રે, લહિયેં સુખ મહમૂર—એ૦....(૨)

વાચક જશ કહે તિમ કરો રે, રહિયેં જેમ હૂજર[૩] રે
પીજે વાણી મીઠડી રે, જેહવો સરસ ખજૂર—એ૦....(૩)

૧. પદવીઓ-સ્થાન ૨. શીતળ કરનાર ૩. સેવામાં

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

### (નંદનકું ત્રિશલા હુલરાવે-એ દેશી)

તાત પ્રતિષ્ઠ ને પૃથવી માતા, નયર વાણારશી જાયો રે,
સ્વસ્તિક લંછન કંચન વરણો, પ્રત્યક્ષ સુરતરૂ પાયો રે
-શ્રી સુપાસ જિન સેવા કીજે૦(૧)

એક-સહસશ્યું દિક્ષા લીધી, બે સય ધનુષ પ્રભુ કાયા રે,
વીશ લાખ પૂરવનું જીવિત, સમેતશિખર શિવ પાયા રે......શ્રી૦(૨)

ત્રણ લાખ પ્રભુના મુનિ ગિરૂઆ[૧], ચ્યાર લાખ ત્રીસ હજાર રે,
ગુણ-મણિ[૨]-મંડિત શીલ અખંડિત, સાધ્વીનો પરિવાર રે......શ્રી૦(૩)

સુર માતંગ ને દેવી શાંતા, પ્રભુ શાસન અધિકારી રે,
એ પ્રભુની જેણે સેવા કીધી, તેણે નિજ-દુર્ગતિ વારી રે......શ્રી૦(૪)

મંગળ[૩]-કમળા-મંદિર સુંદર, મોહન-વલ્લી-કંદો રે;
શ્રી **નયવિજય** વિબુધ પદ સેવક, કહે એ ચિર નંદો રે.....શ્રી૦(૫)

---

૧. સારા ૨. ગુણરૂપ મણિથી શોભતા ૩. મંગળરૂપ લક્ષ્મીના ઘર

## કર્તા : શ્રી ભાણવિજયજી મ.

### (થારા મારા કરછલા-એ દેશી)

**પાસે સુપાસજી** ! રાખીએ, સેવક ચિત્તમાં આણી; સલૂણા,
જિમહું અંતર[૧] ચિત્તની, વાત કહું ગુણખાણી સલૂણા-પાસે૦(૧)

કરૂણાવિલાસી તુમ્હે અછો, કરૂણાગાર કૃપાલ; સલૂણા,
કરૂણાસરસ સરોવરે, પ્રભુજી તું છે મરાલ[૨] સલુણા—પાસે૦(૨)

અપરાધી જો સેવક ઘણું, તો પણ નવિ છંડાય-સલૂણા,
જિમ વિદ્યુત અગ્નિ સમી, નવિ છંડે મેઘરાય-સલૂણા—પાસે૦(૩)

તે માટે છોડતાં થકાં, શોભશો કિમ મહારાય ! સલૂણા,
બાંહ્ય ગ્રહ્યાની લાજ છે, ઘણું શું તુમને કહાય-સલૂણા—પાસે૦(૪)

તું છંડે પણ નવી છંડું, હું તુજને મહારાય-સલૂણા,
તુમ ચરણે **ભાણ** આવીઓ પ્રેમવિબુધ સુપસાય-સલૂણા-પાસે૦(૫)

૧. ચિત્ત=હૈયાની, અંતરની ગુહ્ય ૨. હંસ

## કર્તા : શ્રી આણંદવર્ધનજી મ.

### (રાગ સામેરી મલ્હાર-દેશી હાંસલાની)

બે કર જોડી વિનવું, સુણજો સ્વામી સુપાસ રે
અલવે[૧] વિસારો રખે, પહિલી એ અરદાસરે.....બે૦(૧)

મોટા-સરિસી પ્રીતડી, ભરમે મુહંગી[૨] હોય રે,
જો સનમુખ જોવે નહી, પૂરવ-કરમથી કોય રે.....બે૦(૨)

સાચા સાજન ઓળખી, લાગ્યા તે કિમ છોડે રે
મોતીડે[૩] પાણી મિલ્યાં, કહો તે કવણ વિછોડે રે.....બે૦(૩)

મનમાન્યાની ચાકરી, છે જગમાં જિનરાય રે,
**આણંદવર્ધન** વિનવે, તુમ્હ ચરણે ચિત્ત લાય રે.....બે૦(૪)

૧. ક્યારેય વિસારો નહિ ૨. મોંઘી ૩. મોતીમાં જે પાણી મળ્યું છે.

## કર્તા : શ્રી લક્ષ્મીવિમલવિજયજી મ.

### (રામચંદકે બાગ ચંપો મોહર ફલોરી-એ દેશી)

સ્વામી **સુપાસ**-જિણંદ ! શમ-રસ[1]-કુંભ ભરયોરી[2]
તામેંથી લવ[3] એક દીધે કાજ સરેરી....(૧)

નવિ ચાહું ઘૃતપુર,[4] સાકરપાક[5] ભલોરી,
ચિંતામણિ કામધેનુ, સુધારસ[6]-શાખી ફળોરી....(૨)

રાજ્ય-રામા સ્વર્ગ-ભોગ, તે સવિ છાર[7] ગણુંરી,
ઇંદ-ચંદ-નાગેન્દ્ર, દુઃખીયા તેહ ભણુંરી....(૩)

સુખિયા તે મુનિરાય, ઉપશમ-સાર ભજેરી
પરપરિણતિ[8]-પરિણામ-કારણ જેહ તજેરી....(૪)

ઉપશમ-રસ નવિ હોય, નિજ-લોચન[9] મીંચેરી,
મિથ્યાત-વિષયનો ત્યાગ, જિન-વચ-અમીય સિંચેરી....(૫)

ભક્ત-વત્સલ ભગવંત, સેવક-દુઃખ ટલેરી,
**કીર્તિવિમલ** પ્રભુ પાય, સેવા સાચ ફળેરી....(૬)

૧. વિષય-કષાયના ઉપશમ ભાવરૂપ રસનો ઘડો ભરેલો ૩. છાંટો ૪. ઘેબર ૫. સાકરનું પકવાન ૬. અમૃત રસવાળાં દેવતાઈ વૃક્ષનાં ફળ ૭. રાખોડી ૮. પર-પરિણતિના પરિણમનના કારણભૂત ૯. પોતાની આંખો

## કર્તા : ઉપા. શ્રી માનવિજયજી મ.

### (રંગીલે આતમા-એ દેશી)

નિરખી-નિરખી તુજ બિંબને, હરખિત હુયેં મુજ મન્ન —સુપાસ સોહામણો
નિરવિકારતા નયનમાં, મુખડું સદા સુપ્રસન્ન—સુપાસ૦....(૧)

ભાવ-અવસ્થા[૧] સાંભરે, પ્રતિહારજની શોભ—સુપાસ૦
કોડી ગમે દેવા સેવા, કરતા મૂકી લોભ—સુપાસ૦....(૨)

લોકા-લોકના સવિ ભાવા, પ્રતિભાસે[૨] પ્રત્યક્ષ-સુપાસ૦
તોહે ન રાચે નવિ રૂસેં, નવિ અવિરતિનો પક્ષ- —સુપાસ૦.....(૩)

હાસ્ય ન રતિ ન અરતિ, નહીં ભય-શોક-દુગંછ-સુપાસ૦
નહીં કંદર્પ-કદર્થના,[૩] નહી અંતરાયનો સંચ —સુપાસ૦....(૪)

મોહ મિથ્યાત નિદ્રા ગઈ, નાઠા દોષ અઢાર—સુપાસ૦
ચોત્રીશ અતિશય રાજતો મૂળાતિશય ચ્યાર—સુપાસ૦....(૫)

પાંત્રીશ વાણી-ગુણે કરી, દેતો ભવિ ઉપદેશ—સુપાસ૦
ઈમ તુજ-બિંબે[૪] તાહરો, ભેદનો નહિ લવલેશ- —સુપાસ૦.....(૬)

રૂપથી પ્રભુ ગુણ સાંભરે, ધ્યાન **રૂપસ્થ**-વિચાર—સુપાસ૦
**માનવિજય** વાચક કહે, જિન-પ્રતિમા જયકાર—સુપાસ૦....(૭)

---

૧. સાક્ષાત્ તીર્થંકર પ્રભુની અવસ્થા ૨. જ્ઞાનથી દેખાય ૩. કામની પીડા ૪. પ્રભુમૂર્તિમાં

## કર્તા : પૂ. આ. શ્રી જ્ઞાનવિમલસૂરિ મ.

### (સુણ બે'ની પિઉંડો પરદેશી-એ દેશી)

સાહિબ ! સ્વામી ! **સુપાસ**—જિણંદ ! સુ[1]-નજર કરીને નિરખો રે;
હિત[2]-હિયડે હેજાળું[3]-હરખેં, સેવક સુ-પરે[4] પરખો રે—સાહિબ૦(૧)

એ કાયા જાયા[5] પરભવમાં, વાર અનંતી વિલસી રે;
તુજ ભગતિ જોડે નહિ ભાવે, તો થઈ અવકર-સરસી[6] રે—સાહિબ૦(૨)

ભક્તિ, તણા અનુબંધ[7] પ્રભાવે, જેહ થઈ ઉજમાળી રે;
અખય થયે અવગાહના રૂપે, જેહજ તુજ ગુણ-માળી રે—સાહિબ૦(૩)

તિણે હેતે કરી આપ સમાની, એહ સંબંધે જાણું રે;
એહનો ગુણ બહુ લેખે[8] લાગ્યો, જો તુમ ધ્યાને આણું રે—સાહિબ૦(૪)

જોડયો નેહ ન કબહી, એહ ઉત્તમની વાતો રે;
**જ્ઞાનવિમલ** પ્રભુ-ધ્યાન-પસાયે, કાળ ન જાણ્યો જાતો રે—સાહિબ૦(૫)

---

૧. સારી દૃષ્ટિ ૨. હેત ભરેલા હૈયે ૩. ઉત્કૃષ્ટ હર્ષથી ૪. સારીરીતે ૫. સ્ત્રી ૬. ઉકરડા જેવી ૭. પરંપરાના ૮. સફળ થયો.

## કર્તા : પૂ. શ્રી ભાવવિજયજી મ.

(રાગ-માલવી ગોડઓ-મેરે મન તું અભિનંદન દેવ !—એ દેશી)

રમો મન **શ્રી સુપાસને** પાસેં[1] સ્વસ્તિક-લંછન સાતમો જિનવર,
સુર-વર વૃંદ ઉપાસે[2]—રમો૦(૧)

વાણારશી-નયરીમેં ઉદયો, જિમ દિનકર આકાશે
પઈઠ[3] નરેસર પુહવી[4]-નંદન દીપે જ્ઞાન-પ્રકાશે—રમો૦(૨)

જસ તનુ-કાંતિ કનક[5]-મદ ગાળે, ભવિયણ-કમલ વિકાસે
રિષભ[6]-વંશ-રયણાયર-સુરમણિ, સેવંતાં દુખ નાસે—રમો૦(૩)

ધનુષ દોય શત તુંગ અંગ જસ, દેખત[7] દુરિત પણાસે
વીસ પૂરવ લાખ આયુ ભોગવી, પુહતો શિવ-પુર વાસે—રમો૦(૪)

માતંગસુરવર શાંતાદેવી, શાસન-સુર જસ ભાસે
ચરણ-કમલ તસ અનુદિન ધ્યાયેં, **ભાવમુનિ** ઉલ્લાસે રે—રમો૦(૫)

---

૧. નજીકમાં ૨. સેવા કરે ૩. પ્રતિષ્ઠરાજા (પ્રભુજીના પિતાનું નામ) ૪. પૃથ્વીરાણીના પુત્ર ૫.સોનાનો ગર્વ ૬. ઋષભદેવ પ્રભુના વંશરૂપ સમુદ્રમાં ચિંતામણિ સમા.

## કર્તા : પૂ. શ્રી વિનયવિજયજી મ.

### (ઢાલ-પનાની)

જી રે મ્હારે સમરૂં સ્વામી **સુપાસ**, **પૃથ્વી** માતા ઉદરે ધર્યો રે—જી રે જી
જી રે મ્હારે **પઈઠ**[1] નરસેર કુળતિલો, મુગતિ[2] વધૂયે સાંઈ[3] વર્યો[4]—જી રે જી..(૧)

જી રે મ્હારે સોભાગી સુખ સાગરૂ, ગુણ-મણિનો આવસડો[5]રે—જી રે જી
જી રે મ્હારે સુર નર કિન્નર સુંદરી, હરષે ગાયેં રાસડો રે—જી રે જી..(૨)

જી રે મ્હારે દરિશણ[6] પ્રભુનું દેખતાં, નયણાં અમીયેં આંજિયે—જી રે જી
જી રે મ્હારે **કીર્તિવિજય** વાચક તણા, **વિનય** તણું મન રંજીયે—જી રે જી..(૩)

---

૧. સાતમા શ્રી સુપાર્શ્વનાથ પ્રભુના પિતાનું નામ છે. ૨ મુક્તિરૂપ સ્ત્રીએ ૩. પ્રભુજીને સ્વામી તરીકે ૪. સ્વીકાર્યં ૫.સ્થાન ૬. મુખ અથવા આંખો

## કર્તા : પૂ. શ્રી વિનયવિજયજી મ.

### (મેઘ મનિ ચિંતવે—એ દેશી)

સમરથ સ્વામી સાતમોરે, સ્વસ્તિક લંછન પાય,
**પઈઠ** નરેસર કુળ-તિલો રે, **પૃથ્વી** ધનધન માયો રે—દેવ સુપાસજી
નામે લીલવિલાસરે, પુણ્ય-પ્રકાશજી....(૧)

પરમેસર પગલાં ઠવે, કંચનકમળેં સાર,
ઈતિ[1]સકળ નાસે તિહાં, જિહાં પ્રભુ કરે એ વિહારો રે—દેવ૦.(૨)

ઈંદ્રધ્વજ અતિ લહલહેં[2], જોઅણ સહસ તસ માન,
તસ વાયેં માનું દુઃખ પરાં[3], નાસેં જિન સૂકાં પાનો રે—દેવ૦.(૩)

**કીર્તિવિજય** ઉવજઝાયનો, **વિનયવિજય** ગુણ ગાય,
ભવે-ભવે ભગતિ તુમ્હારડી, હિયડે અધિકી સુહાય રે—દેવ૦.(૪)

૧. ઉપદ્રવ ૨. શોભે છે ૩. દૂર

## કર્તા : શ્રી હરખચંદજી મ.

**(રાગ-આસાવરી)**

આજ મેં દેખ્યોરી મુખચંદા—આજ૦
**શ્રી સુપાસ**જિનેસરજી, દેખત ચિત્ત આનંદા—આજ૦...(૧)

જનમ **બનારસી પૃથ્વી** માતા, પિતા **પ્રતિષ્ઠ** નરિંદા
લંછન સ્વસ્તિક વીશ ધનુષ તનુ, કંચનબરન દીપંદા[1] —આજ૦....(૨)

વીસ લાખ પૂરવ થિતિ જાકી, કુલ ઈક્ષ્વાગનરિંદા
અદ્ભુત રૂપ અનોપમ મહિમા, પૂજિત પદ[2] સુરવૃંદા —આજ૦....(૩)

કેવલ જ્ઞાન અનંત ગુણાકર, સંશય તિમિર[3] હરંદા[4]
ઐસે સાહિબ કે પદ[5]-કજકા, **હરખચંદ** પ્રભુ બંદા[6] —આજ૦...(૪)

૧. દીપતો ૨. ચરણ ૩. અંધકાર ૪. દૂર કરનાર ૫. ચરણ-કમલ ૬. સેવક

## કર્તા : શ્રી નયવિજયજી મ.

(કલાલની-તેં મારો રાજેંદ મોહિઓ હો લાલ-એ દેશી)

**સુપાસજી ! સાહિબ ! મુજરો માનજો હો લાલ, જગવલ્લભ જગબંધુ,**
**સુપાસજી ! સેવક જાણી કીજીયે હો બાત, કરૂણા-કરૂણાસિંધુ**
—સુપાસજી ! સાહિબ૦ (૧)

સુ૦ સાત રાજ અલગા રહ્યા હો લાલ, પણ પ્રભુ શું બહુ નેહ,
સુ૦ ચંદ-ચકોરતણી પરે હો લાલ, જિમ બપઈયા[1]મેહ
-સુપાસજી ! સાહિબ૦ (૨)

સુ૦ મત જાણો પ્રભુ વિસરો હો લાલ, વસીયે જો પણ દૂર,
સુ૦ ધ્યાન-સંધાને[2] થિર કર્યા હો લાલ, છો અમ ચિત્ત હજૂર
—સુપાસજી૦ સાહિબ૦ (૩)

સુ૦ પ્રભુગુણ જે અમ ચિત્તમાં હો લાલ, વસીયા છે મહમૂર[3],
સુ૦ લોહ-લિખિત ચિત્રામજ્યું હો લાલ, તેહ નહિ હોયે દૂર
—સુપાસજી ! સાહિબ૦ (૪)

સુ૦ રસના[4] તુમ્હ ગુણરાગિણી હો લાલ, મનમાંહિ પ્રભુધ્યાન
સુ૦ વાંછે નયન દિદારને હો લાલ, સુણી ગુણ હરખે કાન
—સુપાસજી ! સાહિબ૦ (૫)

સુ૦ ઈમ મન વચન કાયા કરી હો લાલ, સમરૂં હું નિશ-દીસ
સુ૦ જો સેવક કરી લેખવો હો લાલ, તો પૂરો મનહ જગીશ
—સુપાસજી ! સાહિબ૦ (૬)

સુ૦ કેતી કીજે વિનતી હો લાલ, જિનજી ! ચતુર સુજાણ
સુ૦ **નય** કહે હરખે નિરખીયે હો લાલ, એતલે કોડિ-કલ્યાણ
—સુપાસજી ! સાહિબ૦ (૭)

---

૧. ચાતક ૨. જોડાણથી ૩. દેશી શબ્દ છે, પ્રાયઃ આ શબ્દનો અર્થ "ખૂબ ઉંડાણથી" થઈ શકે ૪. જીભ

## કર્તા : શ્રી ઋષભસાગરજી મ.

કાંઈ જિનજીનંઈ શ્રીજિનજીનંઈ, જાણી આણી ભાવસું હે,
સુણિ તું ત્રિભુવન-નાહ ! હિય ધરિ કીરી બહુત ઉચ્છાહ બહુલી
બલવંત બાંહ, રાખી જે કરતાંહ લળી લળી હું નમું હે,
સાહિબ ! તું સાહ્યો[1] સ-બલ, ઉમાહ્યો[2]વંછિત પાવસ્યું હે૦....(૧)

કાંઈ મનમાંની મનમાંની સેવા સારી માહરી હે,
બોલું બોલ બનાય, જગપતિ ! મહેર જણાય,
માંનો મોહિ[3]મનાય, થિર-ચિત્ત સેવક થાય
કહણી હવૈ શું કહાય ! દુખ દૂરિ ગયું હે
હિવ વાર મ લાવો વલિ બતલાવો વાચા થાંહરી હે૦...(૨)

નિસદિન ચાહે નિસદિન ચાહેં, નાહલિયા નામી સ્વામી તોહિ નૈ હે,
કાંઈ લાગો મુજ મન રંગ, સેવું જિનવર સંગ, એહ સદા ઉછરંગ
માંડો[5] મયા[6] અભંગ,[7] ભવિ ભવિ હું નમું હે,
પાલક પ્રતિપાલો નેહ નિહાલો, મટકૈં[9] મુજનૈ હે૦...(૩)

કાંઈ તુમ ધ્યાનંઈ, ધ્યાનઇં રાતિ દીહા જાગી રાગી વાસના હે,
કાંઈ સૂતૈ,[10] સુહિણંઈ[11] પાસ, મિલિએ બારે માસ અહનિસિ એ
અભ્યાસ નાયક મહિમ નિવાસ, ઈણ દિલ એહિ આસ,
પ્રભુ પાસેં રમું હે, ભગવંત ! થેં ભાખો રસ મૈ રાખો થાંહરે આસના હે૦.....(૪)

કાંઈ ઈસડાનૈ[12] કાંઈ ઈસડાનૈ, સાહિબિયા[13] પૂરે પૂણ્યૈ[14] પાયનૈ[15] હે,
સરમથ સાંમી **સુપાસ** રહિઇં થઈ ખવાસ,[16] એહિ શિવસુખ વાસ
લચ્છી લીલાવિલાસ, સહીયાલુ સ્યાબાસ, ઇણ પરિ ઉજમું હે,
કાંઈ છિન છિન પલ પલ સફલ ધરી, કરી **ઋષભ** ગુણ ગાયનૈ હે૦.....(૫)

---

૧. ગ્રહણ કર્યો ૨. ઉમંગ ખૂબ થયો ૩. મને ૪. મનાવો=રાજી કરો ૫.કરો ૬. દયા ૭. સંપૂર્ણ ૮-૯. નેહમટકે = સ્નેહ-નજરથી ૧૦. સૂતાં ૧૧. સ્વપ્નમાં ૧૨. આવા ૧૩. પ્રભુજી ૧૪. પૂર્ણ પુણ્યથી ૧૫. પામીને ૧૬. સેવક

## કર્તા : શ્રી ઉદયરત્નજી મ.

**સુપાસજી** તાહરું મુખડું જોતાં, રંગ ભીનો રે
જાણે પંકજની પાંખડી ઉપર, ભ્રમર લીનો રે–સુપાસ૦(૧)

હેત ધરી મેં તાહરે હાથે, દિલ્લ દીનો રે
મનડામાંહિ આવ ! તું મોહન ! મેહેલી કીનો રે–સુપાસ૦(૨)

દેવ બીજો હુ કો ન દેખુ, તુજ સમીનો રે
**ઉદયરત્ન** કહે મુજ પ્રભુ એ છે નગીનો રે–સુપાસ૦(૩)

## કર્તા : શ્રી જિનવિજયજી મ.

### (ઝુમખડાની દેશી)

દેહ[૧]-ગેહ સોહાવિએ, મન-દેહરાસર ખાસ–સોભાગીસાજના
નિજ-ગુણ-રૂચિ સિંહાસને, થાપો દેવ **સુપાસ**–સો૦(૧)

સમકિત-બારણે બાંધીએ, તોરણ મૈત્રીભાવ–સો૦
ગુણીજન ગુણ-અનુમોદના, સરસ સુવાસ[૨] બનાય–સો૦(૨)

કરૂણા શીતળ-જળભરે[૩], સંવર-ભૂમિ સમાર[૪]–સો૦
મધ્યસ્થ-ભાવના મંડપે, રચના ભાવના બાર–સો૦(૩)

ચંદ્રોદય ધર્મ ધ્યાનનો, પંચાચાર ચિત્રામ–સો૦
ઉત્તરગુણ આરાધના, ઝબકે મોતી-દામ[૫]–સો૦(૪)

ઓરસીઓ અપ્રમત્તતા, અનુભવ કેસર ધોળ—સો૦
ક્ષપકશ્રેણી-આરોહણા, પૂજના ભક્તિની ચોળ—સો૦(૫)

શુકલધ્યાનાનલ ધૂપીએ, ચારિત્રમોહની ચૂરી—સો૦
પ્રગટ અનંત ચતુષ્ટયી **ખિમાવિજય** જિનસૂરી[૬]—સો૦(૬)

---

૧. શરીર રૂપ ઘરમાં ૨. સુગંધમય ૩. પાણીના સમૂહથી ૪. સાફસૂફ કરેલ ૫. માલા ૬. શ્રેષ્ઠ

## કર્તા : શ્રી હંસરત્નજી મ.

### (નવો પછેવડો રે-એ દેશી)

અવસર આજ મળ્યો ભલો રે, ફળીયા મનોરથ માળ રેઃ—નમો **સુપાસજી** રે
**સુપાસજી** ત્રિભુવન ભાણ, ગુણમણિ ખાણ જીવન પ્રાણ-રસિયો સાહેબો રે.
સુખકારી જિન સાતમો રે દીઠો દેવ દયાળ રે—નમો સુપાસજી૦(૧)

પઈટ્ઠ[૧]-નરેશને કુળેરે, ઉપજે અવતંસ[૨]રે—નમો સુપાસજી૦
પૃથવીની[૩] કુખે ઉપન્યો રે, જિમ માનસરે હંસરે—નમો સુપાસજી૦(૨)

સોહે સ્વસ્તિક-લંછને રે, કુંદન[૪]-સમતનુ[૫] કાંતિ[૬]રે—નમો સુપાસજી૦
હિત વંચ્છક ત્રિહું લોકનો રે, ભગત-વત્સલ ભગવંતરે—નમો સુપાસજી૦(૩)

આયુ પૂરવ વીસ લાખનું રે, પાળ્યું જિણે પ્રધાન રે—નમો સુપાસજી૦
પંચમ[૭] પદ પામ્યા પ્રભુ રે; **સમેત શિખર** શુભ થાનરે—નમો સુપાસજી૦(૪)

ત્રણ ભુવનમાં જેહનો રે મહકે ગુણ [૮]મકરંદરે—નમો સુપાસજી૦
જગમાં જેહના નામથી રે,ભાગે ભવ[૯]-ભયકંદ રે—નમો સુપાસજી૦(૫)

દર્શન સાહિબ ! તાહરૂં રે, સફળ કરજ્યો આજ રે—નમો સુપાસજી૦
હંસરત્ન નાતો પ્રભુ રે, સારો વાંછિત કાજ રે—નમો સુપાસજી૦(૬)

૧. પ્રભુજીના પિતાનું નામ ૨. મુકુટ સમાન ૩. પ્રભુજીની માતાનું નામ ૪. સોનું ૫. શરીર ૬. વર્ગ-રંગ ૭. મોક્ષ ૮. સુગંધ ૯. સંસારના ભયના મૂળ કારણ

## કર્તા : શ્રી મોહનવિજયજી મ.

### (ઝીણામારૂજીની કરહલડી-એ દેશી)

વાલ્હા[૧] મેહ બપીયડા, અહિકુળને મૃગકુળને,
તિમ વળી નાદે વાહ્યો હો રાજ,
મધુકરને[૨] નવમલ્લિકા[૩]તિમ મુજને ઘણી વાહલી,
સાતમા-જિનની સેવા હો રાજ.....(૧)

અન્ય[૪]-યૂથિક સુર છે ઘણા, પણ મુજ મનડું તેહથી,
નાવે એકણ રાગે હો રાજ, સર્યો હું રૂપાતીતથી.
કારણ મન માન્યાનું શ્યું, કાંઈ આપો હાથે હો રાજ.....(૨)

મૂળની[૫] ભકતે રીઝશે, નહિ તો અવરની રીત,
ક્યારે પણ નવી ખીજે હો રાજ, ઓળગડી મોંઘી થશ્યે;
કંબળ હોવે ભારી, જિમ જિમ જળથી ભીંજે હો રાજ.....(૩)

મનથી નિવાજસ નહિ કરે, જો કર ગ્રહીને લીજે,
આવશે તે લેખે હો રાજ, મોટાને કેહવું કિશ્યું;
પગ[૬] દોડી અનુચરની, અંતરજામી દેખે હો રાજ....(૪)

એહથી શ્યું અધિકો અછે, આવી મનડે વસીઓ;
સાહામો સુગુણ સનેહી હો રાજ, જે વશ્ય હોશ્યે આપણે
તેહને માગ્યું દેતા, અજર[7] રહે કહો કેહી હો રાજ....(૫)

અતિ પરચે વિરચ્યે નહી, નિત નિત નવલો નવલો,
પ્રભુજી મુજથી ભાસે હો રાજ, એ પ્રભુતા એ નિપુણતા,
પરમપુરુષ જે જેહવી, કિહાંથી કોઈ પાસે હો રાજ૦....(૬)

ભીનો પરમ મહારસે, માહરો નાથ નગીનો
તેહને તે કુણ નિંદે હો રાજ, સમકિત દઢતા કારણે,
રુપ-વિબુધનો **મોહન**, સ્વામી **સુપાસ**ને વંદે હો રાજ૦.....(૭)

---

૧. મેઘ અને ચાતકને જે પ્રેમ, અહિ=સાપના કુલને અને હરણને જેમ નાદ=સંગીતનો પ્રેમ (૧ લી ગાથાની બે લીટીનો અર્થ) ૨. ભમરો ૩. માલતીની તાજી ખીલેલી વેલ ૪. અન્ય દર્શનના ૫.સાચી=અંતરની ભક્તિથી પ્રભુથી રીઝશે, પણ બીજા દેવની જેમ ક્યારેક પણ ખીજશે=નારાજ નહીં થશે, (ત્રીજી ગાથાની બે લીટીનો અર્થ) ૬. ટાંટીયા તોડ ૭. ઉચિતતા

## કર્તા : શ્રી રામવિજયજી મ.

**(માહરે જાય સહિયરનો સાથ, કાંબલી મેલોને કાનજી રે-એ દેશી)**

દીસે અ[1]-કળ સરૂપ[2], સ્વામી **સુપાસજી** તાહરો રે
લોકવિદિતી[3] વાત, રાગ ન રોસ હિયે ધરો રે—દીસે૦(૧)

જેહને[4] વશ મહાદેવ[5], ઉમયા[6] નારી નચાવિયા રે
વૃંદાવનમાં કાન્હ[7], ગોપી રાસ રમાવિયા રે—દીસે૦(૨)

બ્રહ્મા પાડ્યો ફંદ, સાવિત્રી નિજ દીકરી રે
તે તે મનદપિશાચ[૮], હણતાં કરૂણા કિસી કરી રે–દીસે૦(૩)

ક્રોધ સરીખા યોધ, તેં તો ખિણમાંહી મારીઆરે
જે વળી ઝાલ્યા બાંહિ, તે તો હેજશું તારિયા રે–દીસે૦(૪)

કહીયે કેતો એમ, તુજ અવદાત[૯] અછે ઘણો રે
**રામ** કહે શુભ શિષ્ય, વાચક **વિમલવિજય** તણો રે–દીસે૦(૫)

---

૧. ન સમજાય તેવું ૨. સ્વરૂપ ૩. જગજાહેર ૪. કામદેવને ૫. શંકરજી ૬. પાર્વતી ૭. કન્હૈયા=કૃષ્ણ
૮. કામરૂપ પિશાચ ૯. ચરિત્ર-વૃત્તાંત

## કર્તા : શ્રી રામવિજયજી મ.

**(નાયતા રે તુમે ચાલ્યા ગઢ આગળે રે લો—એ દેશી)**

સેવજો રે સ્વામી **સુપાસ** જિણેસરુ રે લાલ,
પૂજિયેં ધરી મન રંગ રે લાલ , મોરે મત માન્યો સાહિબો રે લાલ,
પ્રેમથી રે પ્રીતિ બની જિનરાજશું રે લાલ;
જેહવો ચોળનો[૧] રંગ રે લાલ–મોરે૦(૧)

ધરજો રે મન **પૃથ્વી**-રાણી સતી રે લાલ,
જાયો જેણે રત્ન રે લાલ–મોરે૦
દીપલી રે દિશકુમરી આવે તિહાં રે લાલ;
કરતી કોડ[૨] જતન રે લાલ–મોરે૦(૨)

જોરથી[3]રે જિન-મુખ નિરખી નાચતી રે લાલ
હરખતી દીએ આશિષ રે લાલ—મોરે૦
ચાહતી રે ચિરંજીવો તું બાલુડા રે લાલ;
ત્રણ ભુવનના ઈશ રે લાલ—મોરે૦(૩)

ફાવતી રે ફરતી ફૂંદડી દીયે રે લાલ,
મદભરી માતી જેહ રે લાલ—મોરે૦
નાથને રે નેહનયણએ ભર જોવતી રે લાલ;
ગુણ ગાતી સસનેહ રે લાલ—મોરે૦(૪)

આદરે રે ઈમ હુલરાવતી બાલને રે લાલ,
પહોંતી તે નિજ - નિજ ઘેર રે લાલ—મોરે૦
પ્રેમ શું રે પ્રભુ બોધે મોહના રે લાલ;
દોયસેં ધનુષની દેહ રે લાલ—મોરે૦(૫)

રાગથી રે રાજકુમરી રળીયામણી રે લાલ
પરણ્યા પ્રભુ સુ-વિલાસ રે લાલ—મોરે૦
માનજો રે મોહતણે વશમાંહિ રે લાલ;
નાથ રહે એ ઘર વાસે રે લાલ—મોરે૦(૬)

ભાવથી રે ભોગ તજ્યા દીક્ષા વરી રે લાલ,
વીશ પૂરવ લખ આયુ રે લાલ—મોરે૦
જાગતો રે જ્યોતિ સ્વરૂપી જગદીશ્વરુ રે લાલ;
**રામવિજય** ગુણ ગાય રે લાલ—મોરે૦(૭)

---

૧. વાટેલી મજીઠ ૨. ઘણા ૩. ઉમંગથી

## કર્તા : શ્રી કાંતિવિજયજી મ.

### (ઝુબખડાની દેશી)

સકળ સમીહિત[1] સુરતરૂરે[2], સાતમા સ્વામી સુપાસ–જિણેસર સાંભળો
ભગત વચન નિહોરડે[3]રે, ઉભો કરૂં અરદાસ[4]–જિણે૦(૧)

રાત-દિવસ ભરી ઓળગું[5] રે, એકતાળી લય લાય–જિણે૦
નાયક નામ ધરાવીને રે, ખબર ન લેતું કાંય–જિણે૦(૨)

પોતાવટ[6] કિમ જાણિરેંરે, જો ન જાણે કાંઈ વાત–જિણે૦
નિપટ[7] નિરાગી થઈ રહ્યા રે, એ શી તાહરી ઘાત[8] ?–જિણે૦(૩)

જે પૂંઠે જે સરજીઆરે, તેહને તેહની લાજ–જિણે૦
છાંડતાં કિમ છૂટિયેં રે, જાણો છો મહારાજ–જિણે૦(૪)

પ્રેમ પ્રકાશો આપણો રે, તો રાખો નિજ પાસ-જિણે૦
કાંતિવિજય લહેશ્યો ઘણી રે, લોકોમાં શ્યાબાશ–જિણે૦(૫)

---

૧. ઇષ્ટ ૨. કલ્પવૃક્ષ ૩. કાલાવાલાથી ૪. વિનતિ ૫. સેવા કરું ૬. આપણાપણું ૭. સાવ ૮. રીત

## કર્તા : શ્રી ન્યાયસાગરજી મ.

(ચાલ્યોજા પાધરીવાટે રોકે છે શ્યાને માટે-એ દેશી)

સાંભળો સ્વામી રે ! મીઠડા મોહન ! દાસ સાથે શ્યો ભેદ ?
એકને આપશ્યો સિદ્ધને સિદ્ધિ, એકને કાઢશ્યો ખેદ–આપો૦(૧)

આપોને પાધરી[૧] વાતે, સ્વામીને આવશે ઘાતે[૨] રે
આખર તો આપશ્યો જોરે[૩], આવે છે ચિતડે મોરેરે–આપો૦(૨)

સર્વને સારિખા પરખી[૪] ભાળો, આકરી ચાકરી સ્વામી
ચાકરી વાળો ચિત્તડે ઘાલો, રાખવું તેહનું નામ–આપો૦(૩)

એક તો આકરી ચાકરી વાળો, દ્રવ્યથી ભાવ ગૌણ
એક તો સાવથી ભાવથી ઉંચો, મૂકશ્યો રાખશ્યો કોણ–આપો૦(૪)

એકલી દ્રવ્યની ચાકરી સારૂ, ભાખરી પાવશ્યો મોલે
દ્રવ્યના ભાવથી ચાકરીવાળો, આવશ્યે આપ શે તોલે ?–આપો૦(૫)

સાથ લે સાથીઓ હાથીઓ ચાલેં, હેમનેં રૂપડે વાન
**ન્યાયસાગર** પ્રભુ દાસને વહિલું, દીજીયેં મુક્તિ દાન–આપો૦(૬)

---

૧. સીધી ૨. મેળમાં ૩. પરાણે ૪. ગણી

## કર્તા : શ્રી ન્યાયસાગરજી મ.

(રાગ-કાફી)

**શ્રી સુપાસજિન** સાતમા હો, ટાળે ભવ ભય સાત
પૃથ્વીપુત મંગલ કરે હો, અચરિજ એ અવદાત
સુખદાયક સ્વામી સોહામણો હો, અહો મેરે પ્યારે
અહનિશ લિઉં તસ ભામણાં હો–સુણો૦(૧)
સ્વસ્તિક લંછન તે ભણી હો, સાથીઓ મંગલ મૂલ
લઘુ પણ વૃદ્ધપણું લહેહો, જેહને પ્રભુ અનુકૂલ–સુણો૦(૨)
**સુપ્રતિષ્ઠ**નૃપ-નંદનો હો, આનંદિત ત્રિહુંલોક
કોક[2] દિણંદ[3] તણી પરે હો, ચિત્ત ધરેં ભવિકના થોક–સુણો૦(૩)
સાતે સુખ આવી મિળે હો, અખય અચલ સવિ સિદ્ધ
ઈમ અનેક ગુણ ભાખતાં હો, પામે વળી નવ નિદ્ધ રિદ્ધ–સુણો૦(૪)
નવ પણ ફણ શિર સોહિહેં હો, સહજ સભાવ પ્રમાણ
**ન્યાયસાગર** પ્રભુના કરે હો, ભાવથી ગુણ વખાણ–સુણો૦(૫)

૧. અવગણે ૨. ચક્રવાક ૩. સૂર્ય

## કર્તા : શ્રી પદ્મવિજયજી મ.

(દેશી-ઝૂંબખડાની)

સાતમો સગ ભય વારવા, જિનવરજી જયકાર સોભાગી સાંભળો
અંતર સાગર એહનો, નંદ[1] કોડિ હજાર–સો૦(૧)

ભાદ્રવા વદની આઠમે, ચવીઆ સ્વર્ગને છાંડી–સો૦
જેઠ સુદી બારસ જનમીયા, એ પ્રભુશું રઢ માંડી–સો૦(૨)

ધનુષ બસે તનુ જેહનું, કાંતિ કનક અનુહાર–સો૦
જેઠ સુદી તેરસે આદરે, ચોખા મહાવ્રત ચ્યાર–સો૦(૩)

ફાગુણ વદી છઠે ઉપનું, નિરૂપમ પંચમનાણ–સો૦
વીશ લાખ પૂરવ તણું, આઉખું ચઢયું સુપ્રમાણ–સો૦(૪)

ફાગુણ વદી સાતમ દિનેં, પારંગત થયા દેવ–સો૦
**જિન-ઉત્તમ** પદ **પદ્મ**ની, કીજે નિતનિત સેવ–સો૦(૫)

---

૧. નવ

## કર્તા : શ્રી પદ્મવિજયજી મ.

### (તું ગિયા ગિરિ શિખર સોહે—એ દેશી)

**શ્રી સુપાસજિણંદ** તાહરું, અકલ રૂપ જણાય રે
રૂપાતીત સ્વરૂપવંતો, ગુણાતીત ગુણગાય રે
ક્યું હિ ? ક્યું હિ ? ક્યું હિ ? ક્યું હિ ?......(૧)

તારનારો તુંહી કિમ પ્રભુ ? હૃદયમાં ધરી લોક રે
ભવસમુદ્રમાં તુજ તારે, તુજ અભિધા ફોક રે–ક્યું૦(૨)

નીરમાં દતિ[૧] દેખીતરતી, જાણિયો મ્હેં સ્વામ રે
તે અનિલ[૨] અનુભવ જિમ તિમ, ભવિક તાહરે નામ રે
યુંહી ? યુંહી ? યુંહી ? યુંહી ?–ક્યું૦(૩)

જેહ તનુમાં ધ્યાન ધ્યાયેં તાહરૂં તસ નાશરે
થાય તનુનો તેહિ કિમ ? પ્રભુ ! એહ અચરિજ ખાસ રે –ક્યું૦(૪)

વિગ્રહ ને ઉપશમ કરે તે, મધ્યવરતી હોય રે
તિમ પ્રભુ ! તુમ્હે મધ્યવરતી, કલહ તનુ શમ જોય રે—ક્યું૦(૫)

તુમ પ્રમાણ અનલ્પ દીસે, તે ધરી હૃદી ભવ્ય રે
ભાર વિનુ જિમ શીઘ્ર તરિયેં, એહ અચરિજ નવ્ય રે—ક્યું૦(૬)

મહાપુરૂષતણો જે મહિમા, ચિંતવ્યો નવિ જાય રે
ધ્યાન **ઉત્તમ** જિનરાજ કેરો, **પદ્મવિજય** તિણે ધ્યાય રે—ક્યું૦(૭)

૧. ચામડાની મશક ૨. પવન

## કર્તા : શ્રી વિજયલક્ષ્મીસૂરિ મ.

## (દેશી રસીયાની)

**શ્રીસુપાસ** જિણેસર સાહિબો, અવિસંવાદી જસુ પંથ—સુગુણ નર૦
અહનિશિ સેવે મન પરમોદશ્યું, જેહ સ્યાદ્વાદી નિર્ગ્રંથ—સુ૦શ્રી૦(૧)

માને **નૈગમ** નય વસ્તુ પ્રતે, સામાન્ય વિશેષ ઉભય રૂપ—સુ૦
**સંગ્રહ** નય કહે સર્વ પદારથે, સામાન્ય એક સરૂપ—સુ૦શ્રી૦(૨)

**વ્યવહાર** પ્રવૃત્તિ વિશેષ વિના નહી, વ્યોમ-કમલ પરે અન્ય—સુ૦
અતીત-અનાગત-પરકીય પરિત્યજી, **ઋજુસૂત્ર** ગ્રહે વર્તમાન—સુ૦શ્રી૦(૩)

એકાર્થ વાચક સવિ શબ્દ તે, કુંભ કલશ વસ્તુ એક—સુ૦
પર્યાય-ભેદથી ભિન્ન વસ્તુ કહે, **સમભિરૂઢ** એહ એક ટેક—સુ૦શ્રી૦(૪)

ઘટ-કલશાદિક નિજ-નિજ અર્થમાં, વર્તે **એવંભૂત** વસ્તુ—સુ૦
વિશુદ્ધ યથોત્તર પિણ એકાંતથી, નવિ લહે સ્યાદ્વાદ દસ્ત—સુ૦શ્રી૦(૫)

જાતિ-અંધ નર ગજ પ્રતિ અવયવે, ગજપણું સકલ કહંત–સુ૦
દિવ્ય-નયનથી યથાર્થ ગજ ગ્રહે, તિમ તુજ શાસન[1] કંત–સુ૦શ્રી૦(૬)

મુક્તવિરોધી જિન સમય ગ્રહે યદા, સેવક જિમ ચક્રવર્તી–સુ૦
મિથ્યા[2]-કચવર આપદ નાશથી, હોય અનેકાંત-પ્રવૃત્તિ–સુ૦શ્રી૦(૭)

ત્રિકાળવેદી જિનમત અવલંબતા, હોયેં અવિકલ મતિમંત–સુ૦
**સૌભાગ્યલક્ષ્મીસૂરી** આતમ સંપદા, પ્રગટે શક્તિ અનંત–સુ૦શ્રી૦(૮)

---

૧. સુંદર ૨. કપરો

## કર્તા : શ્રી દાનવિમલજી મ.

શ્રી સુપાસજી સાહિબા ! જિનરાજા રે વાલા;
મેં દર્શન દીઠા આજ કે-એ દિન તાજા રે
મન મારે રે આશા ફલી–જિન૦, સીધ્યાં સઘળાં કાજ કે.....(૧)

ઉમાહ બહુ દિનનો હતો–જિન૦, દેખીશું નિજ સ્વામી કે
દુઃખ દોહગ દૂરે ગયા–જિન૦, બલિહારી તુજ નામ કે.....(૨)

ક્ષણ વિરહો મતથાયો–જિન૦, એ નયણ તણા મેલાપ કે
પ્રીછવવા કહેવો કિસ્યો–જિન૦, સહી જાણેસો આપ કે.....(૩)

તારી રે વાત જમવારની–જિન૦, મીઠી દ્રાક્ષા સમાન કે
બીજી મન ભાવે નહિ–જિન૦, મોજ ભલી મહિરાણ કે.....(૪)

મન લાગ્યું જિનશું ખરું–જિન૦, અવર ન આવે માન કે
**વિમલ** સમુદ્ર ચાતક તણી–જિન૦, ધ્યાવે જલધર દાન કે.....(૫)

## કર્તા : શ્રી વિનીતવિજયજી મ.

(દેશી-ઝુબખડાની)

શ્રીસુપાસજિન ગાઈયેં, પાઈયે હરખ ઉલ્લાસ-સનેહી સાહિબા
પ્રતિષ્ઠ નરપતિ કુળતિલો, પૂરવે મનની આશ–સ૦(૧)

પૃથ્વી માત ઉદરે ધર્યો જિમ માનસ-સરહંસ-સનેહી૦
નિજગુણમણિ પ્રકાશ કે,અજુઆળ્યો નિજ વાસ–સ૦(૨)

ઈંદ્રચંદ્ર ચક્રવર્તિ જે, તે સહુ તાહરા દાસ–સનેહી૦
હું સેવક છું તાહરો, ચરણે આવ્યો કરી આશ–સ૦(૩)

આશ કરી જે આવિયા, તાસ ન કી-જે નિરાશ–સનેહી૦
આશ પૂરો પ્રભુ દાસની, જિમ લહીયે લીલવિલાસ–સ૦(૪)

તાહરૂં ધ્યાન સદા ધરૂં, જિમમૃગમદ[૩] શુભ વાસ[૪]–સનેહી૦
પંડિત મેરૂવિજય તણો, **વિનીતવિજય** એહ ભાસ–સ૦(૫)

---
૧. લક્ષ્મી ૨. કૃષ્ણ ૩. કસ્તુરી ૪. ગંધ

## કર્તા : શ્રી અમૃતવિજયજી મ.

(રાગ-ટોડી)

એરી ! મોહે પ્યારો **સુપાસકો** નામ–એ૦
વાંછિતપૂરણ નામ તિહારો, સબ સુખકો બિસરામ–એ૦(૧)

ભવભયભંજન જનમનરંજન, ગંજન પાપકો ઠામ
સુરપતિ નરપતિ અહનિશિ સેવે, શિવસુખકી એક હામ–એ૦(૨)

યાકે શિર ફણિપાચો (!) સોહિએ, મોહન ગુણમણિધામ
જગજનતારન ભવદુખવારન, ભક્તવત્સલ ભગવાન–એ૦(૩)

જોગાસન ધરે જોગીસ્વરકું,જ્યોં મહામંતસો કામ
તૈંસે સમરન તેરો અહનિશિ, કરતે **અમૃત** ગુનગ્રામ–એ૦(૪)

## કર્તા : શ્રી પ્રમોદસાગરજી મ.

(દાન કહે જગ હું વડો-એ દેશી)

મુજરો માનો **સુપાસજી**,[૧] તું મુજ આતમરામ લલના ।
દીનદયાળ કૃપા કરી, આપો ઠામ સુકામ-લલના-મુજરો૦।।૧।।

સુરપુરી સરસી **વારાણશી**[૨] સુપ્રતિષ્ઠ[૩] નામે નરેશ, લલના
પૃથવી[૪] જનની જેહની, સ્વસ્તિક[૫] અંક૧-નિવેશ-લલના–મુજરો૦।।૨।।

વીશ લાખ પૂરવ આઉખું,[૬] કંચનવાન[૭] ઉદાર-લલના ।
દેહ[૮] દોય શત ધનુષની, નવફણ શિરપર સાર-લલના–મુજરો૦।।૩।।

પંચાણુ જસ ગણધરા[૯] ત્રિણલખ મુનિવર[૧૦] સાર;-લલના।
ચઉલખ સાધવી[૧૧] અતિ ભલી, ઉપર ત્રીસ હજાર-લલના—મુજરો૦।।૪।।
માતંગયક્ષ[૧૨] શાંતાસુરી, [૧૩]શાસન-સાનિધ્યકાર;-લલના।
**પ્રમોદસાગરની** વિનતિ, ધરજ્યો હૃદય મઝાર-લલના-મુજરો૦।।૫।।

---

૧. લાંછન

## કર્તા : શ્રી ભાણચંદ્રજી મ.

### (દેશી-વિંછુઆની)

**શ્રી સુપાસ** સુવાસના, પસાર જગ **પરિમરપૂર** રે લાલ।
તિણે તિહું લોક વાસિત કર્યા, કીધા સવિ જન [૧]સ-સનૂર રે લાલ....શ્રી૦।।૧।।

મિથ્યા અવિરતિ પ્રમુખની, અનાદિ કુવાસના જેહરે લાલ।
પ્રભુ વાસન ફરસન થકી, અતિ દૂર કરી સવિ તેહ-રે લાલ....શ્રી૦।।૨।।

એક વાર પ્રભુ વાસના, વાસિત થયો જે ભવિજીવ-રે લાલ।
તે નિયમા શુકલપક્ષીઓ, અર્ધ પુદ્‌ગલે સિદ્ધિ સમીવ-રે લાલ...શ્રી૦ ।।૩।।

એહ વાસના [૨]અઘ-નિનાસના, જિન ભાસિત ભાસના તત્ત્વ-રે લાલ।
અંતરજ્ઞાન પ્રકાશના, ભવપાસના છોડે મમત્વ-રે લાલ...શ્રી૦।।૪।।

પ્રભુ વાસના મુજ આપજો, સુણો વિનતિ એ જગભાણ—રે લાલ।
જિન-ચરણે થિર થાપજો, કહે **વાઘજી** મુનિનો **ભાણ**-રે લાલ...શ્રી૦।।૫।।

---

૧. તેજસ્વી ૨. પાપનો નાશકરનારી

## કર્તા : શ્રી ખુશાલમુનિજી મ.

**(હાંજી આઠે ઓરાને નવ ઓરડી રે, તિહાં વસે રંગેતા ચાર રે-એ દેશી)**

હાંજી ! જિમ નિરખું તુજ બિંબને રે, હોય હરખ અધિક મુજ મન્ન રે ।
જિન સુપાસ સોહામણા । હાંજી ! વિષય-રહિત તાહરાં નેણ છે રે,
ઘણું મુખડું સદા સુપ્રસન્ન રે–જિન૦॥૧॥

હાંજી ! ભાવ-સ્વરૂપ તુજ સાંભરે, તિહાં પ્રાતિહારજ મનોહાર રે–જિન૦ ।
હાંજી ! સુર-નરપતિ વિદ્યાધરા રે, તિહાં સેવ કરે નિરધાર–જિન૦ ॥૨॥

હાંજી ! લોકાલોક પ્રકાશતા રે, તિહાં વાસતો ભવિ-મન બોધ રે–જિન૦ ।
હાંજી ! શાશ્વતુ શાસન તાહરૂં રે, તિહાં થાયે આશ્રવ-રોધ રે–જિન૦ ॥૩॥

હાંજી ! હાસ્યાદિક તાહરે નહી રે, તિહાં નહી ક્રોધાદિક ચાર રે–જિન૦ ।
હાંજી ! ચોત્રીશ અતિશય રાજતો રે, સવિ જન-મન-કજ-દિનકાર રે–જિન૦ ॥૪॥

હાંજી ! તાહરો તુજ પ્રતિબિંબમાં રે, તિહાં ભેદ ન હોય લગાર રે–જિન૦ ।
હાંજી ! શ્રી **અખયચંદસૂરીશનો** રે, શિષ્ય **ખુશાલમુનિ** હિતકાર રે–જિન૦ ॥૫॥

## કર્તા : શ્રી ચતુરવિજયજી મ.

### (માહરા ઘણું વાઈ ઢોલા-એ દેશી)

**શ્રી સુપાર્શ્વ** જિનરાય હાંરે ! તુમે સારો સેવક કાજરે—
—માહરા પરમ સનેહી દેવા ।
પરમારથ પદ ધારી, હું તો વારી જાઉં વાર હજારીરે —માહરા૦॥૧॥

એક લહેર મુજ કીજે, પ્રભુ વાય સુવાય વહીજે રે —માહરા૦
તન મન ધન ચિત્ત ચોખું, દૃઢ નયણ કરી મુખ નિરખું રે —માહરા૦ ॥૨॥

અંતરધ્યાન તુમ આવો, જસ સઘળા ભાવદેવોરે—માહરા૦
અનુભવ ભવિ મુજ સાચો, જેણે કાંઈ ન રાખ્યો કાચો રે, —માહરા૦ ॥૩॥

હાંરે ! પ્રભુ તેજે ઝળામલ દીપે, જલજલથી જલને જીપેરે —માહરા૦
મૃગતૃષ્ણાયે નવિ ભાજે, પ્રભુ મળિયાં અંબર ગાજેરે -માહરા૦ ॥૪॥

ઈમ નિત નિત જે ગુણ ગાવે, પ્રભુ સુખીઓ તે નર થાવેરે —માહરા૦
ગુરૂ **નવલવિજય** જિનરાયા, એ તો હરખે **ચતુર** ગાયા રે —માહરા રે૦ ॥૫॥

## કર્તા : શ્રી દેવચંદ્રજી મ.

### (હો સુંદર ! તપ સારિખું જગ કો નહી-એ દેશી)

**શ્રીસુપાસ** આણંદમેં, ગુણ અનંતનો કંદ હો જિનજી ।
જ્ઞાનાનંદે પૂરણો, પવિત્ર **ચારિત્રાનંદ** હો—જિ૦શ્રી૦.॥૧॥
સંરક્ષણ વિણ નાથ છો, દ્રવ્ય વિના ધનવંત હો—જિ૦
કર્તાપદ કિરિયા વિના, સંત અજેય અનંત હો—જિ૦શ્રી૦.॥૨॥

અગમ અગોચર અમર તું, અન્વય ઋદ્ધિ સમૂહ હો–જિ૦
વર્ણ-ગંધ-રસ-ફરસ વિણુ, નિજ ભોક્તા ગુણવ્યૂહ હો–જિ૦શ્રી૦...॥૩॥
અક્ષયદાન અચિંતના, લાભ અ-યત્ને ભોગ હો–જિ૦
વીર્ય-શક્તિ અપ્રયાસતા, શુદ્ધ સ્વગુણ ઉપભોગ હો–જિ૦શ્રી૦..॥૪॥
એકાંતિક આત્યંતિકો, સહજ અ-કૃત સ્વાધીન હો–જિ૦
નિરૂપચરિત નિર્દ્વંદ્વ સુખ, અન્ય અહેતુક પીન હો–જિ૦શ્રી૦.॥૫॥
એક પ્રદેશે તાહરે, અ-વ્યાબાધ સમાય હો–જિ૦
તસુ પર્યાય અ-વિભાગતા, સર્વાકાશ ન માય હો–જિ૦શ્રી૦॥૬॥
ઇમ અનંત-ગુણનો ધણી, ગુણ ગુણનો આનંદ હો–જિ૦
ભોગરમણ આસ્વાદ યુત, પ્રભુ ! તું પરમાનંદ હો–જિ૦શ્રી૦॥૭॥
અવ્યાબાધ-રૂચિ થઈ, સાધે અવ્યાબાધ હો–જિ૦
**દેવચંદ્ર** પદ તે લહે, પરમાનંદ સમાધ હો–જિ૦શ્રી૦॥૮॥

## કર્તા : શ્રી જીવણવિજયજી મ.

**(એક દિન પુંડરીક ગણધરૂ રે લાલ-એ દેશી)**

સપ્તમ દેવ **સુપાસજી** રે લાલ, સાંભળ સુગુણા વાત રે-સનેહી
દરિસણ પ્રભુનો દેખીને રે-લાલ, નિરમલ કરૂં નિજ ગાત રે -સનેહી
તું મનમોહન માહરે રે-લાલ, જીવન-પ્રાણ આધાર રે-સનેહી૦તુ૦॥૧॥
સંદેશે ઓલગ સુણી રે લાલ, કારજ નાવે કોઈ રે–સનેહી
વેધાલક ! મન વાતડી રે લાલ, હજૂર થયે તે હોય રે–સનેહી૦તુ૦॥૨॥

ચતુર ! તેં ચિત્તને ચોરીઓ રે લાલ, મન-તન રહ્યો લયલીન રે-સનેહી
વેધાણો તુજ વેધડે રે લાલ, જિમ મૃગ વેધે વીણ રે—સનેહી૦તુ૦॥૩॥
વાલેસર ! ન વિલંબીએ રે-લાલ, સેવક દીજે સુખ રે—સનેહી
ન[1]ખમિયે હવે નાથજી રે—લાલ, [2]ભાણા [3]ખડખડ ભૂખ રે—સનેહી૦તુ૦॥૪॥
કાલ-કંટક દૂરે કરો રે-લાલ, આણે જેહ અંતરાય રે-સનેહી
નાણે તે નવિ પામીએ રે-લાલ, વેલા જેહ વહી જાય રે—સનેહી૦તુ૦॥૫॥
સહજ-સ્વરૂપી સાહિબા રે-લાલ, શિવપુરના શિરદાર રે-સનેહી ।
આપ લીલા આવી મલો રે-લાલ, મુજને એ મનોહાર રે—સનેહી૦તુ૦ ॥૬॥
પૃથ્વી-સુત પુહવીતલે રે લાલ, ઉગ્યો અભિનવ ભાણ રે—સનેહી ।
કહે **જીવણ જીવનો** રે લોલ, કરજો કોડિ-કલ્યાણ રે—સનેહી૦તુ૦॥૭॥

---

૧. ધીરજ રાખવી ૨. જમવા ટાણે-ભાણે બેઠા પછી, ૩. કકડતી = ઉગ્ર

## કર્તા : શ્રી દાનવિજયજી મ.

## (સંજમ રંગ લાગ્યો)

**શ્રી સુપાસ-જિનરાયજી** હો, અરજ સુણો મુજ એહ, સાહિબ ! ગુણ-દરિયા
પ્રગટયો પૂરવ-પુણ્યથી હો, તુમ શું [1]નિબિડ-સનેહ—સાહિબ૦॥૧॥
તિણે તું અહનિશિ દિલ વસે હો, જિમ [2]ક-જમાંહી સુવાસ—સા૦.....
દિન-દિન મુજને તેહથી હો, અધિક વલે ઉલ્લાસ—સાહિબ૦॥૨॥
[3]સુરભિત નિંબાદિક હુએ હો, ચંદન-પવન-પ્રસંગ—સા૦.....

થાયે તિમ તુમ-ધ્યાનથી હો, મુજ પ્રભુ-ગુણ-[૪]આસંગ—સાહિબ૦॥૩॥
ખીર મિલે જવ નીરને હો, તવ કરે આપ-સમાન—સા૦.....
તિમ હું થાઈશ તુજ-સમો હો, તુજ-ધ્યાને ભગવાન !—સાહિબ૦॥૪॥
રયણાયરની ચાકરી હો, કરતાં દારિદ્રય જાય—સા૦.....
**દાનવિજય** પ્રભુ-ધ્યાનથી હો, મન-વંછિત-સુખ થાય—સાહિબ૦॥૫॥

---

૧. ગાઢ ૨. કમલમાં ૩. સુગંધવાળા ૪. સુદૃઢરાગ

## કર્તા : શ્રી મેઘવિજયજી મ.

### (સુગુણ સનેહી રે સાહિબા-એ દેશી)

પ્રભુ-વદન વિરાજે રે કમલ જ્યું, નયણાં તિહાં વિકસિત પત્ર રે।
વલી શ્યામ [૧]ભમુહ ભમરા બન્યા, [૨]અધર-છવી પલ્લવ તત્ર રે ॥૧॥
જિનરાજ **સુપાસજી** ! જગ જયો, માહરો મન-મોહનકર મંત્ર રે।
વર-સિદ્ધિ-વધુ વશ આણવા, ઈણે ધરીયું ધ્યાનનું તંત્ર રે—જિ૦॥૨॥
કરે-દેવ-દાનવ-માનવ-પતિ, શિર અંજલિ જોડી સેવ રે ।
પરિવારે કમલાકર જિસ્યા, નવ-રંગ ભરે નિતમેવ રે—જિ૦॥૩॥
જય-કમલા-કેલિ કરે ઘણું, જન-કમલા કોઈ ન થાય રે ।
દેવ-દુંદભિના રવ ગડગડે, જિન-સમવસરણ જિહાં થાય રે —જિ૦॥૪॥
ઈમ ત્રિભુવન-પ્રભુતા ભોગવે, બેસી ત્રિગડે સ્વામી સ્વરૂપ રે।
ભણે ભવિયણ એ ભગવંતને, જોગીસર જોગ અનૂપ રે—જિ૦॥૫॥

ધૂર ધર્મચક્રે રવિ ઝળહળે, ખળભળે કુમતિ-વિકાર રે ।
સહી વરસે ગંગોદક તણો, નવ-**મેઘ** તિહાં તેણી વાર રે—જિ૦॥૬॥

---

૧. ભ્રૂકુટી ૨. હોઠ

## કર્તા : શ્રી કેશરવિમલજી મ.

### (સંભવ-જિનવર વિનતિ-એ દેશી)

સાંભળ સ્વામી **સુપાસજી** ! તુંહીજ જગત-આધારો રે ।
અવર ન કોઈ તુજ સમો, મહિમાવંત ઉદારો રે—સાંભળ૦॥૧॥

ઈણ જગે સમરથ તું અછે, પૂરણ મનની આશો રે ।
તુજ ચરણે મુજ મન રમે, દિન-દિન અધિક ઉલ્લાસો રે —સાંભળ૦॥૨॥

તુમ સેવા મુજ મન વસી, જિમ [1]રેવા ગજ-વાસો રે ।
તુજ સેવાથી સહુ ફલે, પૂગે મનની આશો રે—સાંભળ૦॥૩॥

રયણાયરને સેવતાં, લહીયે રયણ-ભંડારો રે ।
સંગતિ-સરખાં ફલ હુએ, સયણા ! એહ વિચારો રે—સાંભળ૦॥૪॥

સુગુણ-સંવાસો સેવતાં, ભવ-તણી ભાવઠ જાયે રે ।
સદ્દહણા એ હૃદયે ધરતાં કહે **કેશર** સુખ થાયે રે—સાંભળ૦॥૫॥

---

૧. નર્મદા નદી

## કર્તા : શ્રી કનકવિજયજી મ.

(વારી હો ભમરલાલ કુંઠઈથા-એ દેશી)

અલવેસર અરિહંતજી હો ! લાલ ! વાલહા !,
મોહન મહિમાગાર હો લાલ। **સાહિબ સુપાસજિન** ! [1]બાલિ જઈઈ,
તુમ્હ દરસન સુખ ઉપજઈ હો લાલ—વાલહા ।
જિમ મોર દેખ્યઇ જલધાર હો લાલ, સાહિબ **સુપાસ** જિન બાલી જઈઈ
માહરા મનડાના માન્યા-લાલ, ચિતડાના ચાહ્યા-લાલ,
આંખડીના [2]કોયા-લાલ, પ્રાણિયાના પ્યારા-લાલ,
આતમાના પ્યારા લાલ, મિત્ત હો લાલ—સાહિબ સુપાસ૦।।૧।।

ચંદ-ચકોર તણી પરે હો લાલ-વાલહા,
જિમ મધુકર-અરવિંદ હો લાલ—સા૦
માનસ દેખી હંસને હો લાલ-વાલહા,
જિમ ગોપી-ગોવિંદ હો લાલ—સાહિબ સુપાસ૦।।૨।।

સુંદર સૂરતિ તાહરી હો લાલ—વાલહા,
તેજ અધિક દીપંત-હો લાલ-સા૦
લોચન અમિય કચોલડાં હો લાલ વાલહા,
અતિઘણા હો જિ હસંત હો લાલ—સાહિબ સુપાસ૦।।૩।।

પ્રભુ ! તુમ્હ હોડિ કરે ઘણા હો લાલ-વાલહા !,
દેવ અવર લખ કોડિ હો લાલ—સાહિબ સુપાસ૦
પણિ તે ન લહે બરોબરી હો લાલ-વાલહા,

જિમ કંચન-કાચની જોડિ હો લાલ—સાહિબ—સુપાસ૦॥૪॥

સેવો સુરમણિ સારિખો હો લાલ-વાલહા,
તું વંછિત-દાતાર હો લાલ,-સાહિબ—સુપાસ૦
તું દિલજાની આતમા હો લાલ-વાલહા,
**કનકવિજય** જયકાર હો લાલ—સાહિબ—સુપાસ૦॥૫॥

---

૧. વારી=ઓવારી-જઈએ ૨. કીકી ૩. ખૂબ વધારે

## કર્તા : શ્રી રૂચિરવિમલજી મ.

**(ધમાલની દેશી)**

સુ-સનેહી સાહિબ મન વસ્યો હો !
અહો ! મેરે ! લલના ! પ્રભુજી પરમ દયાલ;સુ૦
સેવો સુપાસ સાહિબકોં નિશ દિન, મન ધરી રંગ રસાલ,
સુ૦ અ૦ પૂજો પૂજો પ્રભુજીકો બાલ—સુસનેહી૦॥૧॥

પ્રભુજીકો મુખ-પંકજ નિરખત, મન-મધુકર હરખંત-લલના
નયન રસીલે માનું ઇંદિવર, વશ કીને સુર-નર સંત-સુસનેહી૦॥૨॥

સુંદર સૂરત મૂરત નિરખત, [૧]નૈન રહે લોભાય-લલના ।
ચિત્તપ્રભુ-ચરન [૨]ચુભ્યો ના [૩]નીકસત,
કરો કોઈ કોડી ઉપાય—સુસનેહી૦॥૩॥

રયણ ચિંતામણિ [4]સો પ્રભુ પાયો, ક્યોં કરી છોડયો જાય-લલના ।
નવ-નિધિ-દાયક નાયક મેરો, તુમ બિન ઓર ન સુહાય—સુસનેહી૦।।૪।।

દેવ દયાનિધિ દરસન દીજયૈ, કીજૈ નેહ-[5]નિવાહ-લલના ।
**રૂચિર-વિમલ** પ્રભુ કે ગુણ ગાવત, પાવત પરમ ઉચ્છાહ—સુસનેહી૦।।૫।।

---

૧. આંખો ૨. પેઠેલાં ૩. નીકળે ૪. જેવા ૫. નભાવ

## કર્તા : શ્રી રૂચિરવિમલજી મ.

### (રાજા રુડો રે લલના એ-દેશી)

સહજ [1]સલૂણા સાહિબા-જિનજી-લલારે,
સેવો સુપાસ-જિણંદ, આણંદશું ઘણૈ
જિનજી પાય પ્રણમેં પ્રભુજી તણા—જિ. લ૦,
નરવર-સુર નાગેંદ જાઉં [2]વારણૈ—જિ૦।।૧।।

સુંદર સુરતિ તાહરી—જિ૦ લ૦,
માતા **પૃથ્વી** કે નંદ-હું બલિહારી રે—જિ૦।
મુજરો હમારો માની એ—જિ૦ લ૦,
દ્યો દરશન સુખ કંદ-સૂરતિ પ્યારી રે—જિ૦।।૨।।

તુઝ દરબારેં ઓલગુ—જિ૦ લ૦,
ઔર ન જાચું દેવ, કાચું મન કરી, જિ૦।
ચિંતામણિ સુર તરુ સમો—જિ૦ લ૦,
પુણ્યે પામી-સેવ સેવ્યાં શિવપુરી—જિ૦।।૩।।

ઉત્તમ સાથેં નેહલો–જિ૦ લ૦,
નિત-નિત [3]નવલેં [4]વાંન-મનમાં આણીએ–જિ૦।
કામ પડયાં નિરવાહીએ–જિ૦ લ૦,
બાંહ ગ્રાહી પ્રમાંણ-તો પ્રભુ જાણીએ–જિ૦॥૪॥
મન મિલવા [5]ઉમાહલો–જિ૦ લ૦,
જિમ ચાતક જલધાર-હો તુમ ભણી–જિ૦।
**મલકાપુર** મંડણ થુણ્યો–જિ૦ લ૦ ।,
**રૂચિર વિમલ** સુખ-સાર-સંપત્તિ ઘો ઘણી–જિ૦॥૫॥

૧. કાંતિવાળા ૨. ઓવારી ૩. નવા ૪. રંગે ૫. ઉત્સુક

## કર્તા :શ્રી ભાવપ્રભસૂરિ મ.

### (મન સરોવર હંસલો એ-દેશી)

**શ્રી સુપાર્શ્વજિન** વાલહો, જઈ લોકાંતે વસીઓ રે ।
હવે ઇહાં આવે નહીં, સાસય-સુખનો રસીઓ રે–શ્રી૦॥૧॥
કુણ ભાંતિ કરૂં ચાકરી, જેહનું મિલવું દોહિલું રે ।
સુણિ શિષ્ય તવ સુગુરૂ કહે, એહનું સેવવું સોહિલું રે–શ્રી૦॥૨॥
શુદ્ધ-સ્વભાવ જિણંદના, ચાર નિક્ષેપ છે સાચા રે ।
ત્રિભુવનને તારે સદા, માને નહી નર કાચા રે–શ્રી૦॥૩॥

**સયંભૂરમણ-સમુદ્રમાં**, માછલું સમકિત પામે રે ।
જિનબિંબ-સમ અન્ય માછલઈ રે, જ્ઞાતિ સમરણ જામે રે—શ્રી૦॥૪॥

જે જે નિક્ષેપે સેવીએ, દિલ-ભર દિલને ઉલ્લાસે રે ।
**શ્રી ભાવપ્રભસૂરિ** કહે, વેગલા તે પિણ પાસે રે—શ્રી૦॥૫॥

## કર્તા : શ્રી કીર્તિવિમલજી મ.

**(શ્રી અનંતુ જિનસ્યું કરો સાહેલડીયાં એ-દેશી)**

**શ્રી સુપાસ**-જિનશ્યું કરો—સાહેલડીયાં,
અતિ અનોપમ રંગ-ગુણ-વેલડીયાં ।
એક રંગ [૧]હીણો નહી-સાહેલડીયાં,
બીજો હીણો સંગ-ગુણ-વેલડીયાં૦॥૧॥

તું સાહિબ સોહામણો-સાહેલડીયાં,
બીજો નાવે [૨]દાય-ગુણ—વેલડીયાં૦
એહ રંગ સદા હોજો-સાહેલડીયાં,
જ્યાં લગિં શિવ-પદ થાય-ગુણ-વેલડીયાં ।॥૨॥

ભવ અનંત ભમતાં થકાં-સાહેલડીયાં,
પુણ્યેં પામ્યા આજ-ગુણ-વેલડીયાં ।
તો મુઝ મન-વંછિત ફલ્યો-સાહેલડીયાં,
સીધાં સઘલાં કાજ-ગુણ—વેલડીયાં૦॥૩॥

રાગ-રહિત પ્રભુ ! તું કહ્યો-સાહેલડીયાં,
મુઝને તુઝસ્યું રાગ-ગુણ—વેલડીયાં ।
સરિખા વિણ પ્રભુ ! ગોઠડી-સાહેલડીયાં,
કિમ બિન આવે [3]લાગ-ગુણ—વેલડીયાં॥૪॥

કૃપા-નજર સાહિબતણી-સાહેલડીયાં,
સેવકના દુઃખ જાય-ગુણ-વેલડીયાં ।
અનંત ઋદ્ધિ **કીર્તિ** ઘણી-સાહેલડિયાં,
જગમાં જશ બહુ થાય-ગુણ—વેલડીયાં॥૫॥

---

૧. હલકો ૨. અનુકૂળ ૩. અનુકૂળ

## કર્તા : શ્રી રતનવિજયજી મ.

### (શ્રી અનંત જિનશું કરો. સાહેલડીયાં-એ દેશી)

**પૃથ્વી**-સુત પરમેસરૂ-સાહેલડીયાં ! સાતમો દેવ **સુપાસ**-ગુણ-વેલડીયાં ।
ભવ-ભવ-ભાવઠ-ભંજણો—સા૦, પૂરતો વિશ્વની આશ ગુણ૦॥૧॥

સુરમણિ-સુરતરૂ સારીખો—સા૦, કામકુંભ સમ જેહ ગુણ૦
તેહથી અધિકતર તું પ્રભુ—સા૦, તેહમાં નહિ સંદેહ—ગુણ૦॥૨॥

નામ-ગોત્ર જસ સાંભળે—સા૦, મહા નિર્જરા થાય—ગુણ૦।
રસના પાવન સ્તવનથી—સા૦, ભવ-ભવનાં દુઃખ જાય—ગુણ૦॥૩॥

વિષય-કષાયે જે રતા—સા૦, હરિ-હરાદિક દેવ—ગુણ૦।
તેહ ચિત્તમાં નવિ ધરુ—સા૦, ન કરૂં તેહની સેવ—ગુણ૦॥૪॥

પરમ-પુરૂષ પરમાતમા—સા૦, પરમાનંદ-સ્વરૂપ-ગુણ૦।
ધ્યાન-ભુવનમાં ધારતાં—સા૦, પ્રગટે સહજ-સ્વરૂપ-ગુણ૦।।૫।।

તૃષ્ણા-તાપ શમાવતો—સા૦, શીતલતાયે ચંદ-ગુણ૦।
તેજે દિનમણિ દીપતો—સા૦, ઉપશમ-રસનો કંદ—ગુણ૦।।૬।।

કંચન-કાંતિ સુંદરૂ—સા૦, કાંતિ-રહિત કૃપાલ-ગુણ૦।
**જિન-ઉત્તમ** પદ સેવતાં—સાં૦, **રત્ન** લહે ગુણમાલ—ગુણ૦।।૭।।

## કર્તા : શ્રી માણેકમુનિ મ.

**(ઝરમર વરસઈ ઝીણા મેહ કિ, છવાયેરે છાંટણાં રે—એ દેશી)**

**ચંદ્રમુખી** [1]મૃગ-લોયણી નારિ કિ, ટોલઈ સહુ મલીરે-કિ ટોલઈ૦।
અપચ્છરની [2]પરી કરી શિણગાર કિ, રાસ રમે ચલી રે-રમે ચલી રે૦।।૧।।

**પૃથ્વી**-નંદને દરબાર કિ, આવી મલપતીરે કિ—આવી૦।
ગાયે ગાયે ગીત ઉદાર કેં, મનમેં હરખતી રે—મન૦।।૨।।

નાચે નાચે બહુવિધ [3]બાલ કિ, રંગે રાજતી રે-કે રંગ૦।
ગુંજે ગુંજે [4]માદલ તાલ કે, વીણા વાજતી રે-કિ વીણા૦।।૩।।

ફિરી ફિરી નૈ ભમરી દેત કિ, પ્રભુજી આગલે રે—કિ પ્રભુજી૦।
લળી લળી ભાંમણલાં લે [5]તાલ કિ, પાતિ નર [7]દલેં રે—કિ પાતિ૦।।૪।।

કર જોડીને થુણીયા **સુપાસ** કિ, જિનવર સાતમો રે—કિ જિન૦।
**માણિક** કો પ્રભું પૂરે આશ કિ, ભવિયાં નિત નમો રે—કિ ભવિ૦।।૫।।

૧. હરણ જેવી આંખોવાળી ૨. જેમ ૩.છોકરીઓ ૪. મૃદંગ-ઢોલના તાલ ૫. ઓવારણાં ૬. તાલબદ્ધ પદ્ધતિસર ૭. દૂર કરે

## કર્તા : શ્રી દીપવિજયજી મ.

(લાલ પીયારીનો સાહિબો રે-એ દેશી)

ત્રિભુવન-નાયક-શેહરો રે, અનુભવ રાગનો રંગ-લાલ ।
પરમ-સુગુણ નર સાહિબો રે, આતમ-તત્ત્વનો સંગી—લાલ૦....।।૧।।

શ્રી પુરિસોત્તમ સેવિયેં રે, શ્રી સુપાસ ઉમંગ-લાલ ।
ગુણી સેવ્યાં ગુણ સંપજે રે, જિમ જલ ગંગ-પ્રસંગ-લાલ—શ્રી૦।।૨।।

સુંદર બાહુ ઋષિ છઠેં રે, ગ્રૈવેયકે સુર થાય-લાલ ।
ચવી થયો ભૂપ વાણારશી રે, પ્રણમેં સુરપતિ પાય-લાલ—શ્રી૦।।૩।।

તુલા વિશાખાયેં જનમીયા રે, વૃષભ જોનિ સુ-વિલાસ ।
રાક્ષસ ગણ છદ્મસ્થમાં રે, તપ તપીયા નવ માસ-લાલ—શ્રી૦।।૪।।

શિરીષ તરૂએ કેવલ લહ્યું રે, ચઉદ ભવન સોહાવી—લાલ ।
પંચ-સયાં પરિવારશું રે, મહાનંદ પદવી દીપાવી-લાલ—શ્રી૦।।૫।।

## કર્તા : શ્રી ધર્મકીર્તિગણિ મ.

હવે સ્વામી સુપાસહ ધણુ દુગ-સયતણુ માણ (૧)
મજ્જિમ ઉવરિમથી ચવિયઉ સુંદર નાણ (૨)
જસુ પઈઠ નરેસર (૩) ધરણી પુહવી માત (૪)
તુલા રાશિ (૫) વિસાહા (૬) સત્થિઅ અંક વિખ્યાત (૭).....।।૧।।
વિખ્યાત સુ-કોમલ કંચણ કાયા (૮) પંચાણું ગુણધાર (૯)
વલી તિગ લક્ખા સાહૂ કહીજે (૧૦) વાણારશી અવતાર (૧૧)
તીસ સહસ સહિઅ લખ ચઉ સાહૂણિ (૧૨)

સેવઇ જખ્ખ માતંગ (૧૩) વીસ લખ પૂરવ જીવિઅ (૧૪)
જિન આપઈ મુખ અભંગ.....॥૨॥

છઠ-તવિ (૧૫) કાશીયઈ ચરણ (૧૬) નાણ સુપહાણ (૧૭)
સાવય દુગલક્ખા સહસ સત્તાવન માણ (૧૮)
સાવિય ચઉલક્ખા ત્રાણું સહસ ઉદાર (૧૯)
પારણિવશિ વૂઠી મહિંદ-દત્ત વસુધાર.....॥૩॥

વસુધાર સહસ કોડી નવ સાયર અંતર પઉમ-સુપાસ (૨૧)
સાંનિધિકારી શાંતા દેવી (૨૨) મહકઈ જગિ જસ વાસ
નામ શિરીષ મહા ચેઈઅ તરુ (૨૩) સંમેતઈ સિધ્ધિ પામી, (૨૪)
સત્તમ સામી ઈણિ પરિ થુણીયઈ મો મનિ અંતરજામી.....॥૪॥

## કર્તા : શ્રી સ્વરૂપચંદજી મ.

### (દક્ષિણ દોહિલો હો રાજ-એ દેશી)

શ્રી જિન સાતમો રાજ ! સ્વામી **સુપાસજી** રાજ !,
તેહનો દરિસણ હો લહિઇં પૂરવ-પુણ્યથી ।
પ્રભુ શુભ-ધ્યાની હો ! રાજ ! સમકિત દાની હો ! રાજ !,
શોભા અધિકી હો કહીએ સુર-નર અન્યથી....॥૧॥

જગત શિરોમણિ રાજ ! વાસ જિણંદનો રાજ !,
નમીએ તેહનેં રેં શુદ્ધ ભાવિત ભક્તિથી ।
જિન-પ્રતિમાનેં હો ! રાજ ! રુપ-વિધાનેં હો રાજ !,
પૂજો-પ્રણમો હો ! ધ્યાવો શુભ વર યુક્તિથી....॥૨॥

વાંછિત-કાજે હો ! રાજ ! સ્વામી નિવાજેં હો ! રાજ !,
તે જિન આપે હો ! રુડી શિવપુર-સંપદા ।
જસ મુખ દીઠે હો ! રાજ ! પાતિક નિઠે હો ! રાજ !,
નામે નાવે ! હો ! દરિદ્ર દોહગતા કદા....।।૩।।

બાહ્ય-અભ્યંતર હો રાજ ! શુભ ગુણે શોભતા હો ! રાજ !,
સહસ અઠોતર હો ઓપેં અનંત ગુણાકરા ।
દોષ ન દીસે હો ! રાજ ! અઢાર અનેરા રાજ !,
નિજ ગુણ નિરમલ હો ! ભાસે જેમ-નિશા કરા....।।૪।।

નગરી બણાસરી હો રાજ ! રયણેં ઉલ્લસી હો ! રાજ !,
તિહાં પ્રભુ જનમ્યા હો ! સ્વામી નર-સુર-ઇંદ્રના ।
**સૌભાગ્યચંદ્રનો** રાજ ! સેવક બોલેજી ! રાજ !,
સ્વામી સાચા ! હો ! માનો **સ્વરૂપની** વંદના....।।૫।।

## કર્તા : શ્રી જશવિજયજી મ.

## (અજિત-જિણંદ-શું પ્રીતડી-એ દેશી)

**શ્રી સુપાસ**-જિન સાહિબા, સુણો ! વિનતિ હો ! પ્રભુ ! પરમ-કૃપાલ ! કે ।
સમકિત-સુખડી આપીયે, દુઃખ કાપીયે ! હો ! જિન ! દીન દયાલ ! કે—શ્રી૦સુ૦।।૧।।

મૌન ધરી બેઠા તુમે, નિ-ચિંતા હો ! પ્રભુ ! થઈને નાથ ! કે ।
હું તો આતુર અતિ-ઉતાવલો, માગું છું હો ! જોડી દોય હાથ કે—શ્રી૦સુ૦।।૨।।
સુગુણ સાહિબ તુમ વિના, કુણ કરશે ? હો ! સેવકની સાર કે ।
આખર તુમહી જ આપશો, તો શાને હો ! કરો છો ! વાર કે—શ્રી૦સુ૦।।૩।।

મનમાં વિમાસી શું રહ્યા, અંશ ઓછું હો ! તે હોય મહારાજ કે।
નિરગુણને ગુણ આપતાં, તે વાતે હો ! નહિ પ્રભુ ! લાજ કે—શ્રી૦સુ૦॥૪॥

મોટા પાસે માગે સહુ, કુણ કરશે ? હો ! ખોટાની આશ કે।
દાતાને દેતાં વધે ઘણું, કૃપણને હો ! હોય તેહનો નાશ કે—શ્રી૦સુ૦॥૫॥

કૃપા કરી સામું જો જુઓ, તો ભાંજે હો ! મુજ કર્મની જાલ કે।
ઉત્તર-સાધક ઉભા થકાં, જિમ વિદ્યા હો ! સિદ્ધ હોય તત્કાલ—શ્રી૦સુ૦ ॥૬॥

જાણ આગળ કહેવું કિશ્યું ? પણ અરથી હો ! કરે અરદાસ કે।
**શ્રી ખિમાવિજય-પય સેવતાં, જશઃ લહીએ હો ! પ્રભુ નામે ખાસ કે—શ્રી૦સુ૦॥૭॥**

## કર્તા : શ્રી ગુણવિલાસજી મ.

### (રાગ-રામકલી)

પૂર મનોરથ સાહિબ મેરા, અહનિશિ સુમરન કરૂં હું તેરા—પૂર૦॥૧॥
[1]અંતરાય અરિ રહ્યો ઘેરી, તાકો તતછીન [2]કરહું નિવેરા—પૂર૦॥૨॥
ભવ-વન માંહે ભમ્યો બહુ તેરા, પુણ્ય-સંજોગે લહ્યો તુમ [3]ડેરા—પૂર૦॥૩॥
**ગુણવિલાસ** પ્રભુ ટાળો ફેરા, દીજે સુપાસજી [4]પાસ બસેરા—પૂર૦॥૪॥

---

૧. અંતરાય રૂપી શત્રુ ૨. નાશ ૩. આશરો ૪. પાસ રહેવાનું

## કર્તા : શ્રી જગજીવનજી મ.

### (રાગ-ઘોડી તે આઈ થારા દેશમાં મારુજી એ-દેશી)

વાણારશીનગરી વખાણીયે-તારકજી, [1]અલકાપુરી [2] અનુહારિ હો ।
શ્રી સુપાસ જિણેસર સેવીયેં, નવ ગ્રૈવેયક થકી ચવી-તારકજી,
વિશાખા નક્ષત્રેં નિરધારી હો—શ્રીસુપાસ૦ ॥૧॥

રાજ કરે રલીયામણો-તારકજી૦ પ્રતિષ્ઠિત નામે ભૂપ હો—શ્રીસુપાસ૦
પૃથવી રાણી તસ જાણીયે—તા૦, ઇંદ્રાણી સમ રૂપ હો—શ્રી સુપાસ૦ ॥૨॥
તસ ઉરે આવી ઉપના-તારકજી, સુપન લહ્યાં દશ-ચ્યાર હો—શ્રી૦ ।
હંસ-ગમની મૃગલોયણી-તારકજી, જઇ વીનવ્યો ભરતાર હો—શ્રી સુપાસ૦ ॥૩॥

બુધિ-વિન્નાણે કરી જાણીને-તારકજી, ઉત્તર દીધો નરેશ હો—શ્રી૦ ।
[3]રજ્જવઈ રાજા જનમસ્યે-તારકજી, સુપન તણે સુવિસેસ—હો-શ્રીસુપાસ૦ ॥૪॥

[4]પ્રાત સેવક [5]તેડી [6] પ્રેરીયા તારકજી, સુપનપાઠકનેં ભૂપાલ હો—શ્રી૦ ।
[7]વિબુધ વદે વર શાસ્ત્રથી-તારકજી, ચક્રી વા લોક-દયાલ હો—શ્રી સુપાસ૦ ॥૫॥

માસ સવાનવે જનમીયા-તારકજી, મિથ્યા તિમિર[8] કિરનાલ[9] હો—શ્રી૦ ।
સંયમલેઈ પ્રભુ પામીયા-તારકજી, કેવલપદવી વિશાલ હો—શ્રી સુપાસ૦ ॥૬॥

જિનવર જન કેઈ તારતા-તારકજી, ઉપદેશ સંપત્તિ સવાય હો—શ્રી૦।
વિહાર કરંતા આવીયા-તારકજી, **સમેતશિખર** ગિરિરાય હો—**શ્રી સુપાસ૦**॥૭॥

અણસણ કરી સિદ્ધિ પામીયા-તારકજી, જ્યોતિ અનંત જગાય હો—શ્રી૦।
**પોર** અઢાર આઠ ફાલ્ગુનેં-તારકજી, **જગજીવન** ગુણ ગાય હો—શ્રી સુપાસ૦॥૮॥

---

૧. કુબેરની નગરી ૨. જેવી ૨. ચૌદ ૩. રાજ્યનો માલિક ૪. સવારે ૫. મોકલી ૬. બોલાવ્યા ૭. પંડિતો ૮. અંધારું ૯. સૂર્ય

## કર્તા : શ્રી જિનહર્ષજી મ.

### (રાગ-દેવગંધાર)

કૃપા કરી સ્વામી ! સુપાસ ! નિવાજો ।
તુમ સાહિબ હું ખીજમતગારી, એહી જ સગપણ તાજો—કૃપા૦॥૧॥

તુમહી ¹છીરો અવરશુ ધ્યાઉં, તો પ્રભુ ! તુમહી લાજો ।
ભગત-વત્સલ ભગતનકે સાહિબ, તા કારણ દુઃખ ભાજો—કૃપા૦॥૨॥

પ્રભુ મધુર-કર સબરસ કે નાયક હો, સહૃદય કમલ વિરાજો ।
ચરણ શરણ **જિનરાજ** કીયે મેં, ભયે નિરભય અબ ગાજો—કૃપા૦॥૩॥

---

૧. છોડીને

## કર્તા : શ્રી યશોવિજયજી મ.

(રાગ-યમન કલ્યાણ)

ઐસેં સામી સુપાર્શ્વ સેં દિલ લગા ॥
દુઃખ ભગા ! સુખ જગા ! જગ-તારણા ! ।
રાજહંસકું માનસરોવર, [1]રેવા-જલ જ્યું [2]વારણા ।
ખીર-સિંધુ જ્યું હરિકું પ્યારો, જ્ઞાનીકું તત્ત્વ-વિચારણા-ઐસે૦॥૧॥

મોરકું મેહ ચકોરકું ચંદા, [3]મધુ, [4]મનમથ ચિત્ત-ઠારના ।
ફૂલ અમૂલ ભ્રમરકું [5]અંબહી, કોકિલકું સુખ-કારના-ઐસે૦॥૨॥

સીતાકું રામ કામ જ્યું રતિકું, પંથીકું ઘર-બારના ।
દાનીકું ત્યાગ [6]યાગ બંભનકું, યોગીકું સંયમ ધારના-ઐસે૦॥૩॥

નંદન વન જ્યું સુરકું વલ્લભ, ન્યાયીકું ન્યાય નિહારના
ત્યું મેરે મન તુંહી સુહાયો, ઓર તો ચિત્તથેં ઉતારના–ઐસે૦॥૪॥

**શ્રી સુપાર્શ્વ** દરિશન પર તેરે, કીજેં કોડિ ઉવારના ।
**શ્રીનયવિજય** વિબુધ સેવકકું, કિયો સમતારસ પારના-ઐસે૦॥૫॥

---

૧. નર્મદાનું પાણી ૨.હાથી ૩. વસંત ૪. કામદેવ ૫.આંબો, ૬. યજ્ઞ


# શ્રી સુપાર્શ્વનાથ ભગવાનની થોય

## શ્રી વીરવિજયજી કૃત થોય

અષ્ટ મહા પડિહારશ્યું એ, શોભે સ્વામી સુપાસ તો;
મહા ભાગ્ય અરિહા પ્રભુ એ, સુર નર જેહના દાસ તો;
ગુણ અતિશય વર્ણવ્યાએ, આગમ ગ્રંથ મોઝાર તો;
માતંગ શાંતા સૂર સુરિએ, વીર વિઘન અપહાર તો

## શ્રી પદ્મવિજયજી કૃત થોય

**સુપાર્શ્વ** જિન વાણી, સાંભળે જેહ પ્રાણી,
હૃદયે પહેંચાણી, તે તર્યા ભવ્ય પ્રાણી;
પાંત્રીશ ગુણ ખાણી, સૂત્રમાં જે ગુંથાણી,
ષટ્ દ્રવ્યશું જાણી, કર્મ પીલે જ્યું ઘાણી.



# અમૃત કણ

- જિન ભક્તિએ જે ન સીધ્યું, તે બીજા કશાથી ન સીઝે.
- અરિહંત મળ્યા પછી અરિહંતની કદર કેટલી એમની પાછળ ઘેલા થઈ જઈએ ખરા ?
- "નિગોદમાંથી અહીં સુધી ઉંચે આવ્યા એ અરિહંતની કૃપાથી" આ ભાવથી ભગવંત પરનો કૃતજ્ઞત્તા ભાવ જીવંત રાખો.
- જૈનધર્મનું ભવાંતરમાં રિઝર્વેશન કરાવવું હોય તો અરિહંતની પાછળ પાગલ બની જાવ.
- પરમાત્માની વંદનામાં એકાકારતા એ મહાયોગ છે.

**ન્યાયવિશારદ, વર્ધમાન તપોનિધિ પૂજયપાદ આચાર્ય**
**શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ**

# શ્રી સુપાર્શ્વનાથ ભગવાનની જીવન ઝલક

| | | | |
|---|---|---|---|
| પિતાનું નામ | :પ્રતિષ્ટ રાજા | માતાનું નામ | : પૃથ્વી માતા |
| જન્મ સ્થળ | : વાણારસી નગરી | જન્મ નક્ષત્ર | : વિશાખા |
| જન્મ રાશી | : તુલા | આયુનું પ્રમાણ | : ૨૦ લાખ પૂર્વ |
| શરીરનું માપ | : ૨૦૦ ધનુષ | શરીરનું વર્ણ | : સુવર્ણ વર્ણ |
| પાણિ ગ્રહણ | : વિવાહીત | કેટલા સાથે દીક્ષા | : ૧૦૦ સાધુ |
| છદમસ્થ કાળ | : ૯ માસ | [illegible] | …ીર વૃક્ષ |
| ગણધર સંખ્યા | : ૯૫ | [illegible] | …ારસી નગરી |
| સાધુઓની સંખ્યા | : ૩૦,૦૦… | [illegible] | …૦,૦૦૦ |
| શ્રાવકની સંખ્યા | : ૨,૫૭,… | [illegible] | …૩,૦૦૦ |
| અધિષ્ઠાયક યક્ષ | : માતંગ યક્ષ | અધિષ્ઠાયક યક્ષિણી | : શાંતા |
| પ્રથમ ગણધરનું નામ | : વિદર્ભ | પ્રથમ આર્યાનું નામ | : સોમા |
| મોક્ષ આસન | : કાઉસ્સગ | ભવ સંખ્યા | : ત્રણ ભવ |
| ચ્યવન કલ્યાણક | : ભાદરવા વદિ ૮ | જન્મ કલ્યાણક | : જેઠ સુદિ ૧૨ |
| દીક્ષા કલ્યાણક | : જેઠ સુદિ ૧૩ | કેવલજ્ઞાન કલ્યાણક | : ફાગણ વદિ ૬ |
| મોક્ષ કલ્યાણક | : ફાગણ વદિ ૭ | મોક્ષ સ્થાન | : સમેતશિખર |


દર્ભ | પ્રથમ આર્યાનું નામ :
સ્સગ | ભવ સંખ્યા :
દરવા વદિ ૮ | જન્મ કલ્યાણક :
સુદિ ૧૩ | કેવલજ્ઞાન કલ્યાણક :


મુદ્રક : રોનક ઓફસેટ - અમદાવાદ. ફોન : ૦૭૯-૬૬૦૩૯૦૩